dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year - 7 | Issue- 292 | AD - 2024, Ashadh Vad - 05 | Thursday, Dt.25-07-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની પરિસ્થિતિ ખરાબ : હજારો લોકોને સલામત સ્થળે ખસેડાયા

# રાજ્યમાં બારેય ‘મે’ ખાંગા : ઘણા જિલ્લામાં પૂરની સ્થિતિ

અમદાવાદ,તા.૨૪

હવામાન વિભાગ દ્વારા આગામી ૪ દિવસ માટે આગાહી કરવામાં આવી હતી ત્યારે આજે ૨૪ જુલાઈએ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ માઝા મૂકી હતી. મધ્ય ગુજરાતના બોરસદમાં ૪ કલાકમાં ૧૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત મધ્ય ગુજરાતના આણંદ, વડોદરા, ભરૂચ, છોટા ઉદેપુર, પંચમહાલ સહિતના વિસ્તારોમાં સરેરાશ એકથી પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે. બીજી તરફ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં સૌથી વધુ ૧૧ ઈંચ, પલસાણા તાલુકામાં ૧૦ ઈંચ વરસાદ તેમજ નવસારીના ખેરગામ તાલુકામાં ૯ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે જૂનાગઢના વિસાવદર તાલુકામાં ૮ ઈંચ અને સુરત જિલ્લાના કામરેજ અને બારડોલી તાલુકામાં ૮-૮ ઈંચ વરસાદ અને દેવભૂમિ દ્વારકાના દ્વારકા તાલુકામાં ૮ ઈંચ વરસાદ નોંધાયાના અહેવાલો છે. આ ઉપરાંત ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ૭ ઈંચ અને તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં ૭ ઈંચ વરસાદ નોંધાયો છે.



સુરત શહેરમાં વરસાદના લીધે સુરતીઓનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. શહેરના ખાડી કિનારાના રહેણાક વિસ્તારોમાં વરસાદી પાણી ઘૂસી ગયા છે. વરસાદી પાણીના કારણે વેલંજા વિસ્તારના રાજીવનગરમાંથી લગભગ ૬૦ જેટલા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. સીમાડા તથા ભેદવાડ ખાડી ઓવરફ્લો થઈ ગઈ છે અને અન્ય ખાડીઓ પણ બન્ને કાંઠે વહેતી થઈ છે. જેના કારણે ખાડી કિનારાનાં અનેક વિસ્તારમાં પાણીનો ભરાવો થયો છે. સુરતમાં રવિવાર બપોર પછીથી અવિરત વરસાદ વરસી રહ્યો છે, આથી ગુજરાતના સૌથી મોટા બીજા નંબરના શહેરને ખાડીપૂરે બાનમાં લીધું છે. ગઈકાલથી ખાડીપૂરથી સ્થિતિ વણસી રહી છે. નીચાણવાળા વિસ્તારોમાં લોકોનું રેસ્ક્યુ કરવામાં આવી રહ્યું છે. લોકોના ઘરોમાં પણ પાણી ભરાયેલાં છે. ૧૦ જેટલા પરિવારોનું સવારે ૫ વાગ્યે રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. મીઠી ખાડી ૯ મીટરની સપાટીએ પહોંચી ગઈ છે. ભયજનક સપાટીથી અડધો મીટર દૂર છે, આથી લિંબાયત વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયો છે.

વડોદરા શહેર ઉપરાંત જિલ્લામાં પણ ભારે વરસાદના કારણે અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા. વડોદરામાં ૧૦ કલાકમાં ૮ ઈંચ વરસાદ વરસતાં શહેરના રોડ-રસ્તાઓ પર દરિયા જેવો માહોલ સર્જાયો છે. કેટલીક જગ્યાએ છાતી સમા પાણી ભરાયા હતા. તો કેટલીક જગ્યાએ વૃક્ષ પણ ધરાશાયી થયા હતા. ત્યારે ધીરે ધીરે સ્થિતિ ગંભીર બનતા શાળા-કોલેજોમાં આવતીકાલે રજા જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત ઈમરજન્સી કંટ્રોલ નંબર પણ તંત્ર દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

ભરૂચ શહેર અને જિલ્લામાં મંગળવાર રાતથી વરસી રહેલા ધોધમાર વરસાદના લીધે શહેરના વિવિધ વિસ્તારો વરસાદી પાણીમાં જળમગ્ન બન્યા છે. ભરૂચના ગાયત્રી મંદિર, એશિયાડ નગર, નિરાંત નગર સહિત દીવા રોડ પર આવેલી સોસાયટીમાં વરસાદી પાણી ઘૂસી ગયા છે. શહેરના મુખ્ય માર્ગો પર બેટ જેવી સ્થિતિ સર્જાઇ છે. ભરૂચ જિલ્લાના ઝઘડિયામાં ૫ ઈંચ, અંકલેશ્વરમાં ૫ ઈંચ, હાંસોટમાં ૫ ઈંચ, વાલિયા અને વાગરામાં ૪ ઈંચ, જંબુસરમાં ૨.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે.

નવસારી જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા આગામી ૪૮ કલાક રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે અહીં ભારે વરસાદ થતાં અનેક સ્થળો પાણીથી ભરાઈ ગયા છે. શહેર અને નીચાણવાળા વિસ્તારોમાં લોકોના ઘરમાં ઘુંટણસમા પાણી ભરાઈ ગયા છે. હાલ લોકો પાણીમાં રહેવા મજબૂર બન્યા છે. નવસારી જિલ્લામાં આવેલા ઉપરવાસમાં ભારે વરસાદ પડતા જિલ્લામાં આવેલી ત્રણેય નદીઓ બે કાંઠે વહી રહી છે. નદી-નાળામાં પાણીની આવક વધતાં જિલ્લા પંચાયત હસ્તકના ૭૮ માર્ગો બંધ કરવાનો આદેશ પણ તંત્ર દ્વારા આપવામાં આવ્યો છે. નવસારીના વેડછા ડામર, અડડા રોડ, જલાલપુર તાલુકામાં તવડીનો એપ્રોચ રોડ, ચીખલી તાલુકામાં બામણવેલ દોણજા, હરણ ગામ રોડ, ચીખલીના પીપળ, આમ ધરા મોગર વાળી રૂમાલ રોડ બંધ કરવામાં આવ્યો છે. ભારે વરસાદ પડતા નવસારી શહેરમાં આવેલા વોર્ડ નંબર ૧૩ ના દશેરા ટેકરી વિસ્તારમાં રહેતા ૫૦થી વધુ પરિવારોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. ઘરોમાં ઘુંટણસમા પાણી ભરાઈ જતા લોકો હાલાકીનો સામનો કરી રહ્યા છે.

ઉપરવાસમાં ભારે વરસાદના કારણે જૂનાગઢ જિલ્લાના ૧૯ ડેમમાંથી ૧૬ ડેમ ઓવરફ્લો થયા છે. પાણીના પ્રકોપથી ૯૬ ગામ પ્રભાવિત થયા છે. ભારે વરસાદને પગલે જિલ્લાના કુલ ૬૫ રસ્તા બંધ કરવામાં આવ્યા છે. વરસાદમાં અત્યાર સુધી કુલ ૨૭ લોકોનું રેસ્ક્યુ કરાયું છે. ૧૨૩૮ લોકોનું સ્થળાંતર કરવાની ફરજ પડી છે. વરસાદના કારણે જૂનાગઢમાં ૩ લોકોના મૃત્યુ છે. ભારે વરસાદના પગલે તંત્ર પણ એલર્ટ મોડમાં જોવા મળ્યુ છે. એનડીઆરએફની એક ટીમ કેશોદ ખાતે તૈનાત કરવામાં આવી છે. તેમજ SDRFની એક ટીમ જૂનાગઢ ખાતે તૈનાત કરવામાં આવી છે.

બીજી તરફ ઓઝત ૨ ડેમના ૮ દરવાજા ૩ ફૂટ ખોલવામાં આવ્યા છે. ૨૦ હજાર ક્યુસેક પાણીની આવકની સામે એટલી જ જાવક છે. ઓઝત નદી ઉપરનો બાદલપરા ડેમ સૌથી મોટો ડેમ છે. વંથલી, કેશોદ, માણાવદર તાલુકાના ગામોને એલર્ટ કરાયા છે. ઓઝત નદીનાં પાણી સમગ્ર ઘેડ પંથકના ગામોને પ્રભાવિત કરે છે. ઉત્તર ગુજરાત પર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાતા ભારે વરસાદ આવશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે, આગામી દિવસોમાં ગુજરાતમાં વરસાદી સિસ્ટમ હજુ પણ વધારે સ્ટ્રોંગ બનશે. ખાસ કરીને આગામી ૫ દિવસ દરમ્યાન રાજ્યભરમાં થંડરસ્ટોર્મની આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર વધારે રહેશે.

### સુઇગામના નવાપુરામાં વીજળી પડતા બે સગી બહેનોના મોત થતા પરિવારમાં શોક



**બનાસકાંઠાના સુઇગામ તાલુકાના નવાપુરા ગામમાં ગઈકાલે સાંજના સમયે વીજળી પડતાં બે સગી બહેનોના કરૂણ મોત થયા છે. બંને બહેનો ખેતરમાં ઘરની આગળથી પસાર થઇ રહી હતી. તે સમયે આ ઘટના બની હતી. મૃતક આરતી અને ખુશી ગામની જ પ્રાથમિક શાળામાં ધોરણ ૭ અને ૮માં અભ્યાસ કરતી હતી. પરિવારજનો તેમજ આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બંનેને ૧૦૮ની મદદથી સુઈગામ અને ત્યાંથી થરાદ વધુ સારવાર માટે રેફરલ હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી. જ્યાં ફરજ પરના ડોક્ટરે બંનેને મૃત ઘોષિત કરી હતી.**

### દ્વારકાના ખંભાળિયામાં મકાનની છત ધરાશાયી થતા બે સગી બહેન સહિત પરિવારમાં ૩ ના મોત



**દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં એક જૂનુ અને જર્જરિત મકાન ધરાશાયી થતા બે બહેનો સહિત એક જ પરિવારની ત્રણ મહિલાઓના મોત થયા છે. જ્યારે આ ઘટનામાં ૭ લોકોનો ચમત્કારિક રીતે આબાદ બચાવ થયો છે. જ્યાં એક જૂનુ પુરાણું જર્જરિત મકાન ધડામ દઈને ધરાશાયી થતા આ હોનારત સર્જાઈ હતી. આ બનાવને પગલે સ્થાનિક તંત્ર દોડતું થઈ ગયું છે.**




## બજેટમાં વિપક્ષ શાસિત રાજ્યો સાથે ભેદભાવ છે: ઈન્ડિયા ગઠબંધનના સાંસદો દ્વારા વિરોધ

નવીદિલ્હી,તા.૨૪



વિપક્ષે બજેટને ભેદભાવપૂર્ણ ગણાવ્યું છે અને બુધવારે સંસદ ભવન સંકુલમાં બજેટનો વિરોધ પણ કર્યો હતો.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ સંસદીય દળના વડા સોનિયા ગાંધી અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત ઈન્ડી બ્લોકના સાંસદોએ બુધવારે સંસદ સંકુલમાં કેન્દ્રીય બજેટમાં વિપક્ષ શાસિત રાજ્યો સામે કથિત ભેદભાવને લઈને વિરોધ કર્યો હતો.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, ’આ અન્યાય છે. અમે તેનો વિરોધ કરીશું. દરમિયાન કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ કહ્યું, ’આ બજેટ ભારત સરકારના બજેટ જેવું લાગતું નથી.

આ બજેટમાં સંઘીય માળખું તોડવામાં આવ્યું છે. વિરોધ પક્ષો દ્વારા શાસિત રાજ્યો બજેટમાંથી ગાયબ છે. આ સરકારી બજેટ નથી પણ ’સરકારી બજેટ બચાવો’ છે. આ ફક્ત દરેકને ખુશ કરવા માટે છે.












# ગુજરાત ભાજપ યુવા મોરચાના પ્રમુખ મનીષ સંઘાણીએ બજેટ ૨૦૨૪ને આવકાર્યું

અમરેલી, તા.૨૪

ભારતના નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે સતત સાતમી વખત કેન્દ્રીય બજેટ રજૂ કર્યું, જે એક નવો રેકોર્ડ છે. આ બજેટમાં શિક્ષણ, રોજગાર, કૃષિ, મહિલા સશક્તિકરણ અને યુવા વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના અધ્યક્ષ મનીષ સંઘાણીએ આ બજેટને આવકાર્યું અને તેના વિવિધ પાસાઓની પ્રશંસા કરી છે. ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના પ્રમુખ મનીષ સંઘાણીએ ૨૩ જુલાઈના રોજ નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલા બજેટ ૨૦૨૪નું સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે આ બજેટ શિક્ષણ, રોજગાર, ખેડૂતો, મહિલાઓ અને યુવાનો સહિત



દેશના તમામ વર્ગોના કલ્યાણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. બજેટની મુખ્ય જોગવાઈઓમાં કરદાતાઓ માટે રાહત, મુદ્રા લોનની મર્યાદામાં વધારો, યુવાનો માટે ઈન્ટર્નશિપ કાર્યક્રમ, મહિલાઓ માટે વિશેષ યોજનાઓ અને કૃષિ ક્ષેત્રે નોંધપાત્ર રોકાણનો સમાવેશ થાય છે. કરવેરા માળખામાં ફેરફાર કરવામાં આવ્યા છે. આમ આ બજેટને પ્રજાલક્ષી અને દુરંદેશી ગણાવતા મનીષ સંઘાણીએ આવકાર્યું છે.

**મામલતદાર દ્વારા પીબીએમ હેઠળ કાર્યવાહી કરવા કલેકટરને રિપોર્ટ સોંપી દેવાયો**

# ચલાલામાં પકડાયેલ અનાજનો જથ્થો સાચવનાર ઈસમ સામે પીબીએમની કાર્યવાહી થશે

અમરેલી,તા.૨૪

ધારી તાલુકાના ચલાલા ગામે ગઈકાલે પ્રાંત અધિકારી અને મામલતદારે સરકારી અનાજનો જથ્થો એક ગોડાઉનમાંથી ઝડપી પાડયો હતો. આ સરકારી અનાજ ફેરીયા મારફતે રેશનકાર્ડધારકો પાસેથી ખરીદી અને ગોડાઉનમાં રાખવામાં આવતુ હોવાનું ફેરીયાઓએ જણાવ્યું હતું. ધારીના પ્રાંત અધિકારી દ્વારા થોડા દિવસ પહેલા સરકારી અનાજના જથ્થા સાથે બે રીક્ષાને પકડી પાડવામાં આવી હતી જેથી રીક્ષાચાલકોની પૂછપરછ દરમિયાન આ જથ્થો ચલાલામાં એસ્સાર પેટ્રોલપંપની પાછળ ગોડાઉનમાં રાખવામાં આવતો હોવાનું જણાવ્યું હતું. જેથી તંત્ર દ્વારા આ જગ્યાએ રેઈડ કરી રૂ.૩.૩૭ લાખનો જથ્થો સીઝ કર્યા બાદ મામલતદારે જણાવ્યું હતું કે આ ગોડાઉન વિસાવદરના મકરાણીપામાં રહેતા હાજીભાઈ યુનુસભાઈ ચૌહાણનું હોવાથી આ ઈસમ સામે પીબીએમ એકટ નીચે કાર્યવાહી કરવામાં આવશે તેમજ જે ફેરીયાઓ અનાજ ઉઘરાવતા હતા તેની સામે પણ પીબીએમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે સાથોસાથ ફેરીયાઓને સરકારી અનાજ વેચી દેનારાઓ રેશનકાર્ડધારકોની તપાસ કરી તેઓના રેશનકાર્ડ બંધ કરવામાં આવશે. આમ, તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવતા સરકારી અનાજનો જથ્થો સંગ્રહ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

# ચિતલ સરસ્વતી વિદ્યામંદિર ખાતે નેત્ર નિદાન અને દંતચિકિત્સા કેમ્પ યોજાશે

**અયોધ્યા ચાલીને જનારા પદયાત્રીઓનું સન્માન કરવામાં આવશે**

અમરેલી,તા.૨૪

અમરેલીના ચીતલ ગામે આવેલ સરસ્વતી વિદ્યામંદિર હાઈસ્કૂલ ખાતે આગામી તા.૨૬ ના રોજ રણછોડદાસ હોસ્પિટલ રાજકોટ અને વિદ્યાભારતી ટ્રસ્ટ ચીતલના સંયુકત ઉપક્રમે ૧૦૭ મો નેત્ર નિદાન તથા દંતયજ્ઞ કેમ્પ યોજાશે. આ કેમ્પના આયોજનકર્તા બજરંગ દળ અમરેલી છે અને સહયોગકર્તા વિજય રવિદાસ દેસાણી પરિવાર જસદણ છે. આ પ્રસંગે અમરેલીની લાયન્સ કલબ મેઈનના પ્રમુખ રાજેશભાઈ વિઠલાણી ઉદ્‌ઘાટક તરીકે તેમજ પ્રમુખ પદે પત્રકાર ભાવેશ વાઘેલા રહેશે. આ તકે આયોધ્યા તીર્થે પગપાળા ગયેલ રામભક્ત રાજુભાઈ ગોસાઈ અને મનુભાઈ ગોસાઈનું વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સન્માન કરવામાં આવશે. આ કેમ્પને સફળ બનાવવા માટે નેત્ર નિદાન કેમ્પ કમિટીના દિનેશભાઈ મેસિયા, બિપીનભાઈ દવે, ઉકાભાઈ દેસાઈ, જીતુભાઈ વાઘેલા, ખોડભાઈ ધંધુકિયા, છગનભાઈ કાછડીયા, બકુલભાઈ ભીમાણી, હસુભાઈ ડોડીયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# સાવરકુંડલામાં મુકવામાં આવેલા યુરીન ડબ્બા શોભાના ગાંઠિયા સમાન

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલામાં જાહેર માર્ગો પર યુરીનલ કે ટોઈલેટ માટે કોઈ વ્યવસ્થા ન હોવાથી જનતાને ભારે પરેશાની થઈ રહી હતી. ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધોને ભારે પરેશાની થતી હતી જેના કારણે સાવરકુંડલા તંત્ર દ્વારા થોડાક સમય પહેલા જ આ રમકડા જેવા જાહેર યુરીન ડબ્બા મુકવામાં આવેલા હતા. પરંતુ નબળી ગુણવત્તાના હોવાથી તેમના દરવાજા નીકળી ગયા છે. આ યુરીન ડબ્બા નદી બજારમાં શાકભાજીની ખરીદી કરવા આવતા ભાઈઓ



તેમજ બહેનો તેમજ આજુબાજુના વેપારી વર્ગના ઉપયોગ માટે મુકવામાં આવ્યા હતા પરંતુ થોડા સમયમાં જ દરવાજા નીકળી ગયા છે. જેના કારણે લોકોને ફરીથી હેરાનગતિ વેઠવી પડી રહી છે. તો હવે આ ડબ્બાઓમાં દરવાજા ફરીથી લગાવવામાં આવશે કે, એ શોભાના ગાંઠિયા બની રહેશે તેવા સવાલ જનતામાંથી ઉઠી રહ્યા છે.

# હસમુખભાઈ ગઢીયા ચાડીયા ગામના તળાવોના નવીનીકરણ માટે મુખ્યમંત્રી અને ધારાસભ્યોને મળ્યા

અમરેલી, તા.૨૪

ગોકળિયું ગામ ચાડીયાના અન્નપુર્ણા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને ચાડીયા ગામના વતની હસમુખભાઈ ગઢીયાએ તાજેતરમાં અમદાવાદ ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, જે.વી કાકડીયા, જનકભાઈ તળાવીયા, મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી અને કંચનબેન રાદડીયા સહિતના રાજકીય આગેવાનો સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન, ગઢીયાએ ચાડીયા ગામમાં પાણી સંગ્રહ માટેના તળાવોના નવીનીકરણની જરૂરિયાત અંગે રજૂઆત કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગઢીયાની રજૂઆતને ગંભીરતાથી લીધી અને તળાવોના નવીનીકરણ માટે યોગ્ય પગલાં લેવાની ખાતરી આપી હતી. અન્ય ધારાસભ્યોએ પણ આ મુદ્દે સમર્થન આપ્યું અને ઝડપથી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# રાજુલાના છતડીયા રોડ ઉપર મોટો ખાડો પડતા અકસ્માતનો ભય

રાજુલા,તા.૨૪

હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે અને તમામ રોડ રસ્તાઓની હાલત બગડી જવા પામી છે. ત્યારે રાજુલાના છતડીયા રોડ પર એક મસમોટો ખાડો પડી ગયો છે અને આ



ખાડામાં અજાણતા વાહનચાલકોના વાહનો ચાલી જતા અકસ્માત થવાની ભીતિ છે. આ રોડ પર સ્કૂલ અને કચેરીઓ આવેલી હોય બાળકો વગેરેની સતત અવરજવર રહેતી હોય છે. કોઈ મોટો અકસ્માત થાય તે પહેલા આ ખાડો બુરવામાં આવે તેવી લોકોની માંગ છે. હાલ તો સેવાભાવી માણસોએ આ ખાડામાં કાંટા નાખીને લોકોને ચેતવવાની વ્યવસ્થા કરી છે.

# બાબરાના લોહાણા જ્ઞાતિના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ

બાબરા, તા.૨૪

બાબરા લોહાણા મહાજન અને રઘુવીર સેના બાબરાના સંયુકત ઉપક્રમે બાબરા શહેરના ધોરણ ૧ થી ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓનો ભવ્ય સરસ્વતી સન્માન સમારોહ અને સમૂહ જ્ઞાતિ પ્રસાદ શ્રી જલારામ મંદિર બાબરા ખાતે યોજાયો હતો હતો. બાબરા શહેરના ધોરણ ૧ થી ૧૨ના કુલ ૪૪ વિદ્યાર્થીઓને



ટોટલ ૯૨૪ ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમારોહમાં સોનલબેન વસાણી, વિશાલભાઈ સોઢા, સુમિતભાઈ ઠક્કર, ભાવેશભાઈ સોઢા, પીયુશભાઈ સોનપાલ, સંજયભાઈ વણઝારા, જય જલારામ ટ્રસ્ટના ટ્રસ્ટી સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરા સરકારી હોસ્પિટલમાં એમબીબીએસ ડૉક્ટરની નિમણૂક

બાબરા, તા.૨૪

લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સતત પ્રયાસોથી બાબરા સરકારી હોસ્પિટલમાં એમબીબીએસ ડોક્ટરની નિમણૂક કરવામાં આવી છે. ડોક્ટરની નિમણૂકથી બાબરા તાલુકાના લોકોને આરોગ્ય સેવાઓ મેળવવામાં મોટી રાહત થશે. જનકભાઈ તળાવીયા લાંબા સમયથી બાબરા સરકારી હોસ્પિટલમાં ડોક્ટરોની ઘટની રજૂઆત કરી રહ્યા



હતા. તેમના પ્રયાસોને સરકારે આખરે મંજૂરી આપી અને હોસ્પિટલમાં એક નવા એમબીબીએસ ડોક્ટરની નિમણૂક કરવામાં આવી છે. આ ડોક્ટરની નિમણૂકથી બાબરા તાલુકાના લોકોમાં ખુશીનો માહોલ છે.

# અમરેલી જિલ્લાને ચાંદીપુરા વાયરસથી સુરક્ષિત રાખવા આરોગ્ય વિભાગ એલર્ટ

અમરેલી, તા.૨૪

રાજ્યમાં ચાંદીપુરા વાયરસનાં કેસો દિવસે ને દિવસે સામે આવી રહ્યા છે. ત્યારે અમરેલી જિલ્લામાં કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા આરોગ્ય વિભાગ એલર્ટ બની ગયું છે. આરોગ્ય વિભાગ દ્વારા સર્વે તેમજ મેલેથીયૉન ડસ્ટિંગ પાઉડર છંટકાવની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં જિલ્લાના વિવિધ તાલુકા સ્થળે



આવી કામગીરીમાં સતર્કતા દાખવવા અને આવો કોઈ શંકાસ્પદ કેસ જણાય તો તુરંત જ તે અંગે જિલ્લા આરોગ્ય વિભાગને જાણ કરવા જણાવેલ છે. જિલ્લાના ગામોમાં સર્વે અને મેલેથીયૉન ડસ્ટિંગ પાઉડર છંટકાવ કામગીરી આરંભાઈ છે. જે અંતર્ગત ૨૬૯ ગામો અને ૪૮૫૧ ઘરોમાં મેલેથીયૉન ડસ્ટિંગ પાઉડર છંટકાવ કામગીરી પૂર્ણ થઈ છે. ચાંદીપુરા વાયરસના સંક્રમણની અગમચેતીના ભાગ રૂપે અમરેલી જિલ્લાના પ્રજાજનોમાં કોઈ ભય ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા જન-જાગૃતિની પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે.


# તોરી ગામે કોટડીયા પરિવાર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું

તોરી, તા.૨૪

તોરી ગામમાં સ્થાનિક યુવક મંડળ દ્વારા વૃક્ષારોપણનું અભિયાન ચલાવવામાં આવે છે. ખારાની ડેમ નજીક આવેલા કોટડીયા પરિવારના સુરાપુરા બાપા ભીમજીબાપાના મંદિર પરિસરમાં પણ વૃક્ષારોપણની પહેલ કરવામાં આવી છે. મંદિરના પૂજારી નીલેશભાઈ કોટડીયા, રમુભાઈ, મનસુખભાઈ, નટુભાઈ અને પર્યાવરણવિદ્ વિનુભાઈ



કોટડીયા સહિતના કોટડીયા પરિવારના સભ્યો આ કાર્યમાં સક્રિયપણે જોડાયેલા છે. તેઓ માત્ર વૃક્ષારોપણ જ નહીં, પરંતુ તેમના સંવર્ધન અને સંરક્ષણની જવાબદારી પણ નિભાવી રહ્યા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.

નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે મુંજીયાસર ડેમની સપાટી ૧૯ ફૂટ પર પહોંચી**

# બગસરામાં ચાર કલાકમાં ૬ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકાર

**વરસાદે પ્રિ-મોન્સુન કામગીરીની ધજ્જીયા ઉડાડી, તિરૂપતિ નગરમાં ઘરોમાં પાણી**

બગસરા, તા.૨૪

બગસરામાં વહેલી સવારે ૪ વાગ્યે મેઘરાજાએ ધમાકેદાર આગમન કરતા માત્ર ૪ કલાકમાં ૬ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. ભારે વરસાદને કારણે છેવાડાના વિસ્તારોમાં પાણી ઘૂસી ગયા હતા. બગસરામાં વહેલી સવારે ૪ વાગ્યે મેઘરાજાએ સટાસટી બોલાવતા માત્ર ૪ કલાકમાં ૬ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. વહેલી સવારે જ રસ્તા પાણી-પાણી થઈ ગયા હતા. ભારે વરસાદને કારણે વાહનવ્યહાર થંભી જવા પામ્યો હતો. એસ.ટી.બસોને બસ


તસવીર : હાર્દિક બામટા

સ્ટેશનમાં રોકી દેવામાં આવી હતી જેના લીધે મુસાફરોને પણ હાલાકીનો સામનો કરવો પડયો હતો. નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સુન કામગીરી કરવામાં ન આવતા જીનપરા વિસ્તાર ગોઠણડૂબ પાણીમાં ડૂબી ગયો હતો, જયારે સૌથી વધુ કફોડી હાલત તિરૂપતિનગર વિસ્તારના રહીશોની થઈ હતી. તિરૂપતિનગરના રહેવાસીઓના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા જેથી વિસ્તારવાસીઓ કલેકટરને રજૂઆત કરવા મામલતદાર ઓફિસ ખાતે ધસી ગયા હતા. ભારે વરસાદને કારણે બગસરા-અમરેલીનો માર્ગ બંધ થઈ ગયો હતો. જેઠીયાવદર અને પાણીયા ગામોમાં રસ્તા પર પાણી વહેતા હોવાથી પોલીસ સ્ટાફ ખડેપગે હાજર રહ્યો હતો. બગસરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો એવો વરસાદ પડયો હતો જેના કારણે મુંજીયાસર ડેમની સપાટી હાલ ૧૯ ફૂટે પહોંચી છે.

# બગસરા-કુંકાવાવમાં ભારે વરસાદ, સાતલડી નદીના પાણીથી રસ્તો બંધ

બાબાપુર,તા.૨૪


તસવીર : હસમુખ રાવળ

અમરેલી જિલ્લામાં સાર્વત્રિક પડી રહ્યો છે ત્યારે બગસરા અને કુંકાવાવ પંથકમાં ભારે વરસાદ પડવાથી સાતલડી નદીમાં પાણીની વિપુલ આવક થવા પામી છે અને નદી બે કાંઠે વહેતા બાબાપુર રોડ પરથી જવાનો માર્ગ બંધ થઈ જતા રાહદારીઓને વાયા તરવડાથી વાંકિયા થઈને અમરેલી જવું પડી રહ્યુ છે. પાણીથી બધા વોકળા પણ બે કાંઠે વહેવા લાગ્યા છે.

# બાબરાની સરકારી હોસ્પિટલમાં ગંભીર સમસ્યાઓ, આરોગ્ય સેવાઓ કથળી

**બાબરા અને આસપાસના ૫૮ ગામડાંઓને સેવા આપતું આ એકમાત્ર મુખ્ય સામૂહિક આરોગ્ય કેન્દ્ર**

બાબરા, તા.૨૪

વેપારી મહામંડળ ટ્રસ્ટે ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલને પત્ર લખીને બાબરા સામૂહિક આરોગ્ય કેન્દ્રની કથળેલી સ્થિતિ અંગે ધ્યાન દોર્યું છે. બાબરા તાલુકાની મુખ્ય સરકારી હોસ્પિટલમાં ગંભીર સમસ્યાઓ સામે આવી છે. સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી હોસ્પિટલની સ્થિતિ કથળી રહી છે, જેના માટે અધિક્ષક અને સ્ટાફની બેદરકારી જવાબદાર છે. બાબરા અને આસપાસના ૫૮ ગામડાંઓને સેવા આપતા આ એકમાત્ર મુખ્ય સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દરરોજ ૩૦૦-૪૦૦ દર્દીઓની OPD થાય છે. પરંતુ ઈમરજન્સી સેવાઓમાં ગંભીર ખામીઓ જોવા મળી છે. ડૉક્ટરોની ગેરહાજરી અને બેદરકારીના કારણે કેટલાક કેસોમાં દર્દીઓના મૃત્યુ થયાના આક્ષેપો છે.ગાયનેક વિભાગમાં પણ સમસ્યાઓ છે. સરકારી ડૉક્ટરો દ્વારા દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં મોકલવાના આરોપો છે. પ્રસૂતિ દરમિયાન જરૂરી સુવિધાઓ અને દવાઓની અછત છે. સ્ટાફની અનિયમિતતા અને સફાઈની સમસ્યાઓ પણ નોંધાઈ છે. સ્થાનિકોની માંગ છે કે સરકાર આ ગંભીર સમસ્યાઓનું નિરાકરણ લાવે અને હોસ્પિટલની કામગીરીનું યોગ્ય મોનિટરિંગ કરે, જેથી સામાન્ય નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળી શકે.

# GTUના MCA સેમ-૨ના રિઝલ્ટમાં ટોપ-૧૦માં સંકુલની બે વિદ્યાર્થિનીને સ્થાન





અમરેલી, તા.૨૪

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા એમસીએ સેમિસ્ટર-૨ના રિઝલ્ટમાં અમરેલી સંકુલની વિદ્યાર્થિનીઓ ઝળકી છે. ટોપ-૧૦માં સંકુલની બે વિદ્યાર્થિનીને સ્થાન મળ્યું છે. છોડવડીયા શિવાનીબેન જયસુખભાઈ બીજા અને વઘાસીયા ખુશીબેન સુરેશભાઈ છઠ્ઠા ક્રમે આવી છે. તેમજ જીટીયુ ટોપ-૧૦માં સંકુલની કોલેજને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે.

# ગુરુપૂર્ણિમાના દિવસે અમરેલીમાં સંતોનું પૂજન અને ભગવાનના ચરણોમાં શ્રીફળ અર્પણ



અમરેલી,તા.૨૪

ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, રાષ્ટ્રીય મહિલા પરિષદ અને છાત્ર પરિષદ દ્વારા અમરેલી શહેરના તમામ આશ્રમો અને દેવમંદિરોમાં સંતોનું પૂજન કરવામાં આવ્યું હતું અને ભગવાનના ચરણોમાં શ્રીફળ અને સાકરનો પડો અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ શહેરના લગભગ ૪૦ મંદિરોમાં યોજાયો હતો, જેનું સંચાલન સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડૉ. ગજેરા અને સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, સુરેશભાઈ સોલંકી, દિલીપભાઈ બામટા, નિરાલીબેન વ્યાસ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આગામી જન્માષ્ટમી ઉત્સવ ભવ્ય રીતે ઉજવવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. સિનિયર સિટીઝન પાર્ક ફોરવર્ડ સર્કલ ખાતે ભગવાન શ્રી કૃષ્ણની ઝાંખીનો વિશેષ ફ્લોટ પણ તૈયાર કરવામાં આવશે.

# જયસુખભાઈ નાકરાણીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ મિત્ર વર્તુળ દ્વારા સેવાકીય કાર્ય કરાયા


**નામ બદલાવેલ છે**

હું આથી જાહેર કરનાર, ખખ્ખર ભાવેશભાઈ મથુરદાસ મારું જુનું નામ ખખ્ખર ભવેશકુમાર મથુરદાસ થી બદલીને ખખ્ખર ભાવેશભાઈ મથુરદાસ (નવું) રાખેલ છે. તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.

ખખ્ખર ભાવેશભાઈ મથુરદાસ
મુ. દામનગર, જી. અમરેલી


સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલાના નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ સ્વ.જયસુખભાઈ નાકરાણીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ તેમના મિત્ર વર્તુળ દ્વારા સેવાકીય કાર્ય કરવામાં આવ્યા. સાવરકુંડલા નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ જયસુખભાઈ નનુભાઈ નાકરાણીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેને ભાવભરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ તકે તેમના મિત્ર વર્તુળ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જ્યારે બહેનો દ્વારા અલગ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જ્યારે સમર્પણ ગૌશાળા તરફથી દરેક રક્તદાતાને સન્માનપત્ર આપવામાં આવ્યું હતું અને વૃક્ષના રોપાની સાથે પાંજરા પણ વિતરણ કરવામાં આવ્યા હતા.



વૃક્ષોના ૫૧ રોપનું વિતરણ કરવામાં આવ્યું સાથે ૫૧ મણ ઘાસચારો ગાયોને આપવામાં આવ્યો ઉપરાંત ૫૧ કિલો પ્રસાદનું બટુકભોજન પણ કરાવવામાં આવ્યું હતું અને પંખીઓને ચણ પણ ૫૧ કિલો આપવામાં આવી. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ કર્યું હતું. જેમાં રાજકીય, સામાજિક, ધાર્મિક આગેવાનો જોડાયા હતા અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.


**સંકુલ સ્કૂલ પ્રવેશ - સંકુલ કોલેજ પ્રવેશ**

★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર • સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ઈતિહાસ ભૂગોળ
★ ધો. ૧૧–૧૨ કોમર્સ & સાયંસ બન્ને મિડીયમ – GM A & B ગૃપ – EM B ગૃપ
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
★ B.Sc. & M.Sc. – માઈક્રોબાયોલોજી – (બાયોટેક્નોલોજી – બાયોકેમેસ્ટ્રી)
★ BA & MA સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
★ B.Com.-M.Com.(બન્ને મિડીયમ)-BBA-MBA-BCA-MCA-B.Ed.-DMLT- ફાર્મસી

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:-શ્રીમતીશાંતાબેનહરિભાઈગજેરાશૈક્ષણિકગર્લ્સસંકુલ(લેઉવા પટેલ),ચક્કરગઢ રોડ -Ad 058



KAKA® PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨


**શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ**

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ

પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે

ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી


# મોટા લીલીયા ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

લીલીયા, તા.૨૪

મોટા લીલીયા ગામે રહેતી એક યુવતી કોઈને કહ્યા વગર ઘરેથી ચાલી નીકળી હતી. જેની ઘણી શોધખોળ કરવા છતાં કોઈ ભાળ મળી નહોતી. આ અંગે વાલજીભાઈ ખીમાભાઈ બગડા (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી રમા ઉર્ફે ગુડી (ઉ.વ.૨૨) લીલીયા મોટા ગામેથી કોઈને કહ્યા વગર પોતાની મેળે ૧૧-૦૭-૨૦૨૪ના રોજ બપોરે ત્રણ વાગ્યે ઘરેથી ક્યાંક જતી રહી હતી.


**શાંત અને રમણીય વાતાવરણ**
**સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ**

24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯

**હોટેલ હોલીડે**
M.8238744144

HOLIDAY HOTEL



સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



**- :: જાહેર નોટીસ ::-**

આથી અમો આ જાહેર નોટીસ આપનાર (૧) પાનસેરીયા અરજણભાઈ દેવચંદભાઈ, (૨) પાનસેરીયા દિનેશભાઈ અરજણભાઈ, (૩) પાનસેરિયા પ્રતિકભાઈ વલ્લભભાઈ, તમામ રહે. કેરાળા, તા.લાઠી, જી.અમરેલી અમો આ નોટીસથી જાહેર કરીએ છીએ કે, લાઠી તાલુકાના અલીઉદેપુર ગામે આવેલ રે.સ.નં-૧૦૦/૨, જેનુ ક્ષેત્રફળ હે.આરે- ૨-૨૧-૫૬ માંથી દક્ષિણ દિશા તરફથી હે.આરે- ૧-૧૦-૭૮ વાળી ખેતીની જમીન આવેલી છે. જે ખેતીની જમીનના અમો કાયદેસરના માલીક હોવાના નાતે અને અમારા સંયુક્ત કુટુંબની સર્વ સહમતીથી અમારી કુલ જમીનામાંથી હે.આરે.૧-૧૦-૭૮ વાળી જમીન જે અમોએ પટેલ ભાવિનભાઈ ભરતભાઈ કીકાણીને રૂા.૧૯,૯૪,૦૦૦/- અંકે રૂપીયા ઓગણીસ લાખ ચોરાણું હજાર પુરામાં વેચાણથી આપેલી છે, જે અવેજની રકમ અમોને ચુકતે મળી ગયેલી છે, અને ત્યાર બાદ લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ અનુ. નં.૯૩૩, તા.૨૦/૦૭/૨૦૨૪ ના રોજ ખરીદનારની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપેલો છે. જે દસ્તાવેજના આધારે લાઠી ઈ-ધરા કચેરીમાં વેચાણ નોંધ નં.૨૧૮૧, તા.૨૦/૦૭/૨૦૨૪ ના રોજ પાડવામાં આવેલી છે.જે નોંધ સામે તથા ઉપરોક્ત વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજી- ખુશીથી કરી આપેલો છે. તેમ છતાં સદરહુ વેચાણ વ્યવહાર બાબતે કોઈને પણ કંઈપણ પ્રકારનો વાંધો, તકરાર હોય કે કોઈપણના કંઈપણ લાગભાગ ધરાવતા હોય કોઈના વારસાઈ હક્કો કે કોઈ સગીરના હક્કો પોષાતા હોય તો તે અમોને નીચે મુજબના સરનામા ઉપર દિન-૭ માં અમારા નીચે મુજબના સરનામા ઉપર રજી.એડી પત્રથી તમામ આધાર પુરાવા સહ તેમના વાંધાઓ રજુ કરવાના રહેશે. અન્યથા તે જમીનમાં કોઈપણ પ્રકારના કોઈના હક્ક, દાવો રહેતો નથી, અને તેવા હક્કો તેઓએ જતાં કરેલા છે, અને ભવિષ્યમાં પણ સદર જમીન બાબતે હવે દસ્તાવેજ કર્યા બાદ કોઈપણ વાંધા, તકરાર કે પ્રશ્નો ઉપસ્થિત થાય તો તેઓના હક્ક, અધિકારો કે દર-દાવાનો નિકાલ અમો અમારી અન્ય સ્થાવર/જંગમ મિલકતમાંથી આપવા બંધાયેલા છીએ, અને તેમાંથી સદર વેચાણ આપેલ જમીનને મુકત કરીએ છીએ.

જે બાબતની હકીકત આ જાહેર નોટીસની વિગત મુજબ જાહેર કરીએ છીએ.

પત્ર વ્યવહાર સરનામુ :-
સોહિલ મહેબુબભાઈ ખોખર (એડવોકેટ)
B.Com, L.L.B
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
સોમનાથ કોમ્પ્લેક્ષ, ઓફિસ નં. ૩-૪-૫-૬
મું. લાઠી, તા. લાઠી, જી.અમરેલી
મો.નં. ૭૬૯૮૧ ૯૨૧૯૧

સહિ
( પાનસેરીયા અરજણભાઈ દેવચંદભાઈ)



એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665




**પ્રોફેશનલ ફેમિલી સ્પા**
Since : 2018 (7 વર્ષ જુનુ)

ભાઈઓ માટે Rs.1599/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)

લેડીઝ માટે Rs.799/- માં પ્રિમીયમ મસાજ

કપલ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ


અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.



**વી. કે. મોટર્સ**

VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ કેમ્પસમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી

**વિદ્યાર્થીઓ દ્વારા તમામ ગુરુજનોને કુમકુમ-ચાંદલો કરી વંદન કરવામાં આવ્યા**




અમરેલી, તા.૨૪

શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તથા જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ તેમજ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના બાલમંદિરથી ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉત્સવમાં ૪૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા તમામ ગુરુજનોને કુમકુમ-ચંદલો કરી વંદન કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સંગીત અને ગુરુ-શિષ્ય થીમ પર નાટકની ભવ્ય રજૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગુરુ વિષય પર ડ્રોઈંગ, નિબંધ લેખન, ગુરુ વક્તૃત્વ અને ગુરુ મહિમા વિષય પર કૃતિઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં મંત્રી ચતુરભાઈ ખુંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહ્યા હતા. આ ભવ્ય ઉજવણીમાં હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, પ્રિન્સિપાલો અને શિક્ષકોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# રાજુલા-જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસની બેઠક મળી

રાજુલા, તા.૨૪



રાજુલા ખાતે સુથાર લુહાર જ્ઞાતિની વાડીમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતની આગેવાનીમાં રાજુલા જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણીલક્ષી બેઠક મળી હતી. તેમાં કાર્યકરોને માર્ગદર્શન આપીને રણનીતિ ઘડવામાં આવી હતી. જે કાર્યકરોએ ચૂંટણી લડવાની હોય તેણે શહેર પ્રમુખ પાસે પોતાનું ફોર્મ ભરવું અને વોર્ડ વાઈઝ પ્રમુખોની રચના કરવી, કોંગ્રેસને વધુને વધુ મજબૂત કરવી, પ્રજાલક્ષી વિકાસના કાર્યોમાં જનતાનો સાથ આપવા પણ ટકોર કરવામાં આવી હતી. આ બેઠકમાં પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમર, ટીકુભાઈ વરુ, રાજુલા શહેર કોંગ્રેસ પ્રમુખ રવિરાજ ધાખડા સહિતના અનેક કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આગામી દિવસમાં રાજુલા નગરપાલિકામાં કોંગ્રેસને વિજય અપાવવા માટે તમામ કાર્યકરોએ જહેમત ઉઠાવી એક એક કાર્યકરોએ મતદારો સુધી પહોંચી વળવા પ્રતાપભાઈ દુધાતે હાકલ કરી હતી.

# વેરાવળના કુકરાસા ગામે પરિણીતાને કરિયાવર મુદ્દે કનડગતની ફરિયાદ

ધારી, તા.૨૪

હાલ ધારીના સેમરડી (દલખાણીયા) ગામે રહેતી એક પરિણીતાને ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના કુકરાસા ગામે રહેતા પતિ તથા સાસરિયાએ કરિયાવર મુદ્દે કનડગત કરી ત્રાસ આપ્યો હતો. બનાવ અંગે રેશ્માબેન રફીકભાઈ દરજાદા (ઉ.વ.૩૦)એ રફીકભાઈ ફકીરાભાઈ દરજાદા, અબુભાઈ ફકીરાભાઈ દરજાદા, સમીરભાઈ કાદુભાઈ દરજાદા તથા રેહાનાબેન અબુભાઈ દરજાદા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓ તેમને અવાર-નવાર કરિયાવર લાવવા બાબતે મેણા-ટોણા મારતા હતા.

ઉપરાંત મુંઢમાર મારી, ગાળો બોલીને શારીરિક અને માનસિક દુઃખ-ત્રાસ આપતા હતા. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.બી.વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# કોટડાપીઠા ગામના પ્રૌઢને લોન ભરવા વ્યાજે પૈસા લેવાનું ભારે પડ્યું: ડબલ ચૂકવણી છતાં જાનથી મારવાની ધમકી આપી

**દસ્તાવેજ કરાવી લઈ જમીન પડાવી લીધી**

બાબરા, તા.૨૪

બાબરાના કોટડાપીઠા ગામે રહેતા એક પ્રૌઢે લોન ભરવા માટે વ્યાજે રૂપિયા લીધા હતા. તેમણે વ્યાજ સહિત ડબલ રૂપિયા ચૂકવી દીધા હોવા છતાં વ્યાજની કડક ઉઘરાણી કરી, પૈસા નહીં આપો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે હાલ રાજકોટમાં રહેતા મૂળ કોટડાપીઠા ગામના બહાદુરભાઈ રામભાઈ બસીયા (ઉ.વ.૬૫)એ જૂનાગઢના બીલખા ગામના ભગીરથભાઈ રામભાઈ બસીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને મકાનની લોન ભરવા માટે રૂપિયાની જરૂર હોવાથી આરોપી પાસેથી ૨૦૧૬ના વર્ષમાં રૂ.૮,૦૦,૦૦૦ ૪% વ્યાજે લીધા હતા. બાદમાં તેમણે સોનાના ઘરેણાની લોન કરી, રૂ.૪,૦૦,૦૦૦, મકાનની લોન કરી રૂ.૪,૫૦,૦૦૦ તથા પોતાની ઓટો રીક્ષા અને ફોરવ્હીલ ગાડી વેચીને રૂ.૩,૫૦,૦૦૦ તેમજ લક્ઝરી બસ વેચીને રૂ.૬,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૧૮,૦૦,૦૦૦ મુદ્દલ રકમ કરતા ડબલ રોકડ રકમ રૂપિયા ચુકતે કરી આપી હતી. તેમ છતાં તેમની બાબરા તાલુકાના કર્ણુકી ગામે આવેલી સાડા સાત વીઘા જમીનનો કબજા વગરનો દસ્તાવેજ કરાવી લઈ કિંમતી જમીન પડાવી લીધી હતી. તેમ છતાં તેમની પાસે અવાર-નવાર રૂ.૧૪,૦૦,૦૦ તથા તેના ૪% લેખે વ્યાજની કડક ઉઘરાણી કરી, પૈસા નહીં આપો તો તેમને તથા તેના ભાઈ પથુભાઈને જાનથી મારી નાખવાની ધમકી હતી. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.એમ.રાધનપરા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીમાંથી પરિણીતા પિયર જવાનું કહીને નીકળ્યા બાદ લાપતા બની

**ધારીમાંથી વધુ બે લોકો ગુમ થયા**

ધારી, તા.૨૪

ધારીમાંથી વધુ બે લોકો ગુમ થયા હતા. પ્રેમપરામાં રહેતા સુધીરભાઈ વેલજીભાઈ સરવૈયા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની નિર્મળાબેન (ઉ.વ.૩૫) પોતાના ઘરેથી પિયર બાબરા જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા પરંતુ ત્યાં પહોંચ્યા નહોતા. ઘણી શોધખોળ કરવા છતાં કોઈ સગડ મળ્યા નહોતા. જેથી પોલીસને જાણ કરવામાં આવી હતી. ધારી લાઈનપરામાં રહેતા ચંદ્રકાંતભાઈ મથુરભાઈ અંટાળા (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી રિદ્ધી (ઉ.વ.૨૦) ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. બંને કેસની તપાસ ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કુમારસિંહ કે. રાઠોડ કરી રહ્યા છે.

**પૈસા માંગતા જાનથી મારવાની ધમકી આપી**

# બગસરાના વેપારીને કમિશનની લાલચ આપી રૂ.૧૪.૭૪ લાખની છેતરપિંડી આચરી

**આઈફોન, એસી, પંખા મંગાવી ચૂકવણું ન કર્યું**

બગસરા, તા.૨૪

બગસરાના એક વેપારીને મોબાઈલ તથા એસી ખરીદીમાં કમિશન આપવાની લાલચ આપી વિશ્વાસમાં લેવામાં આવ્યો હતો. જે બાદ આઈફોન, એસી તથા પંખા મંગાવી રૂપિયા ન ચૂકવીને છેતરપિંડી કરવામાં આવી હતી. બનાવ સંદર્ભે બ્રિજેશભાઈ જેન્તીલાલ રાઠોડ (ઉ.વ.૨૬)એ આર.સી. ઓનલાઈન કંપનીના માર્કેટિંગ મેનેજર રૂબીનાબેન હનીફભાઈ ચાનીયા, સોહીલભાઈ હનીફભાઈ ચાનીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, રૂબીનાબેન ચાનીયાએ તેમને મોબાઈલ તથા એ.સી.ના ખરીદીના વ્યવહાર કરી નફા પેટે કમિશન આપવાની લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા. જે બાદ તેમની પાસેથી અલગ-અલગ વેપારીઓ પાસેથી Phone ૧૫ ૧૨૮GB-નંગ-૦૬, One Plus ૧૨ R-નંગ-૦૫, IQ NEO 9 PRO નંગ-૦૧-રૂ.૩૫,૧૫૦, એ.સી. નંગ-૦૪ મળી કુલ રૂ.૭,૩૪,૧૫૦ ની ખરીદી કરી તે રકમની ચુકવણી ન કરી રૂ.૭,૩૪,૧૫૦ની ઠગાઈ કરી હતી. ઉપરાંત સાહેદ પ્રિતીબેન રાજેન્દ્રભાઈ જોગી રહે.બગસરા વાળાને ક્રોમ્પટન કંપનીના ૪૦૦ પંખાનો ઓર્ડર આપી પંખાના રૂ.૭,૪૦,૦૦૦- ન આપી છેતરપિંડી કરી હતી. તેઓ પોતાના બાકી નીકળતા હિસાબના પૈસા આરોપીના ઘરે માંગવા જતા જેમ ફાવે તેમ ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# વડીયામાં બીમારીથી કંટાળી યુવકે ગળાફાંસો ખાધો

**છ મહિનાથી હરસ-મસાની બીમારી હતી**

વડીયા, તા.૨૪

વડીયામાં રહેતા એક યુવકને હરસ-મસાની બીમારી હતી, જેનો દુઃખાવો સહન ન થતાં સાડીનો ગાળીયો બનાવી પંખા સાથે બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો.

બનાવ અંગે દિવ્યેશભાઈ ગીરધરભાઈ મકવાણા (ઉ.વ.૨૦)એ જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ ગોપાલભાઈ ગીરધરભાઈ મકવાણા (ઉ.વ.૩૩)ને છેલ્લા છ મહિનાથી હરસ-મસાની બીમારી હતી. જેનો અસહ્ય દુઃખાવો થતો હતો. આ દુઃખાવો સહન ન થતાં ઘરે સાડીનો ગાળીયો બનાવી પંખા સાથે બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એન.ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# મોટા માંડવડા ગામનો પુરુષ કેફી પીણું પીને વાહન ચલાવતા ઝડપાયો

અમરેલી, તા.૨૪

અમરેલીના મોટા માંડવડા ગામનો એક પુરુષ બગસરામાંથી પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ડ્રાયવિંગ લાયસન્સ સાથે નહીં રાખીને ટુ વ્હીલ ચલાવતાં મળી આવ્યો હતો. અમરેલીમાં નાગનાથ નાના બસસ્ટેન્ડ પાસેથી અને જીકીયાળી ગામના પુલ પાસેથી મળી એક-એક યુવક કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા પકડાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ:ચોથ
તા. ૨૫-૦૭-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૩૪, સૂર્યાસ્ત-૦૭:૧૯, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: જયેષ્ઠા

## દૈનિક રાશિફળ

**તા.૨૫-૦૭-૨૦૨૪ ગુરૂવાર**

મેષ: આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે.

વૃષભ: ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા છે તો તેમાં સુધારો થશે.

મિથુન: આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો.

કર્ક: આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે.

સિંહ: જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો.

કન્યા: આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો.

તુલા: આજે આવક કરતા વધુ ખર્ચ થશે. તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

વૃશ્ચિક: આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. ભૌતિક આરામ પર ખર્ચા વધુ થશે.

ધન: આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. આજે તમને દરેક ક્ષેત્રમાં લાભ મળશે.

મકર: આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.

કુંભ: આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

મીન: આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યે રુચિ વધી શકે છે. પુણ્યની કામગીરીમાં રાતનો સમય વિતાવશો.

# શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલીમાં ગુરૂપૂર્ણિમા ઉત્સવની ઉજવણી

અમરેલી, તા.૨૪




શ્રી સ્વામિનારાયણ શ્રધ્ધા જ્યોત સંચાલિત શ્રીજી વિદ્યાર્થી ભુવન - સરસ્વતી વિદ્યાલય અમરેલી દ્વારા આયોજિત ગુરૂપૂર્ણિમા ઉત્સવ ખુબ જ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યો હતો. આ દિવસનું વિશેષ મહત્વ સમજી શિષ્યો અને ગુરૂ વચ્ચેનો આદર, પ્રેમ અને લાગણીનો સંબંધ હંમેશા બંધાયેલ રહે તેવી શુભકામના ગુરુજીઓએ વ્યક્ત કરી હતી. આ પવિત્ર દિવસે વિદ્યાર્થીઓ દ્વારા ચિત્ર સ્પર્ધાઓ, નિબંધ સ્પર્ધાઓ, વકતૃત્વ સ્પર્ધાઓ વગેરે યોજવામાં આવી હતી. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયા અને શ્રીમતી વિલાસબેને આજના દિવસનું મહત્વ જીવનમાં ઉતારી ગુરૂ - શિષ્યોના પરંપરાથી શોભતી ભારતની સંસ્કૃતિને નમસ્કાર કરી પ્રગતિના પંથે દેશને દોરી જવા સૌને આહ્વાન કર્યું હતું.

## મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૯/૨૪ — તા. ૦૫/૦૭/૨૦૨૪

વિવાદી...:- **શ્રી મંજુલાબેન ગણપતભાઈ ભાદાણી**
**મુ. શેખપીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી, મો. ૯૬૮૭૮૯૨૬૧૨**

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી...: **જન્મ મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી, મુ.શેખપીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. શેખપીપરીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રીની પુત્રી નયનાબેન ગણપતભાઈ ભાદાણી જન્મ તા. ૨૯/૦૧/૧૯૮૨ ના રોજ શેખપીપરીયા, તા.લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા. ૧૮/૦૬/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૭/૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૧:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## અમરેલીનાં મહે.એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં

**મુ.અમરેલી રૂમ નંબર -૨૨૪**

ફોજદારી કેસ નંબર -૭૩૫/ ૨૦૨૦

**ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ ૮૨ અન્વયે આરોપીને હાજર થવા ફરમાવવાનું જાહેરનામુ**

(૧) મારી સમક્ષ ફરીયાદ કરવામાં આવી છે કે, **જય બજરંગ ટ્રેડીંગ કાું.ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા રહે. અમરેલી** નાઓએ ધી નેગોશિએબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનો કર્યો છે.

(૨) મજકુર આરોપી કોર્ટમાં હાજર રહેતા ન હોય અને તેમનાં પર કાઢવામાં આવેલ પકડ વોરંટ પર એવો શેરો થઈને આવેલ છે કે, તેઓ તેમના સરનામે રહેતા નથી આમ, પકડ વોરંટ પરના શેરા વંચાણે લેતા આ કામના આરોપી **જય બજરંગ ટ્રેડીગ કાું. ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા** મળી આવતા નથી. તેમજ મને ખાતરી કરાવવામાં આવેલ છે કે, મજકુર આરોપી ફરાર થઈ ગયા છે અથવા વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા ફરે છે.

(૩) આથી આ જાહેરનામુ કાઢીને ફરમાવવામાં આવે છે કે મજકુર આરોપી **જય બજરંગ ટ્રેડીંગ કાું. ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા રહે. અમરેલી** નાઓ ફરાર થઈ ગયા છે અથવા પકડ વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા ફરે છે. આથી, **મજકુર આરોપી જય બજરંગ ટ્રેડીંગ કાું. ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા** નાઓએ હાલની ફરીયાદનો જવાબ આપવા તારીખ ૨૩/૦૮/૨૦૨૪ ના રોજ અત્રેની એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ, અમરેલી સમક્ષ હાજર થવું.

આજરોજ તારીખ: ૧૯ મી, માહે જુલાઈ, સને :૨૦૨૪ ના રોજ મારી સહી કરી આપ્યું.

**સહી**
**(કે.બી.પરમાર)**
**એડીશનલ જયુડી મેજી.ફ.ક.,અમરેલી**

**મુકામ: અમરેલી**
**તા.૧૯/૦૭/૨૦૨૪**

## અમરેલીનાં મહે.એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં

**મુ.અમરેલી રૂમ નંબર -૨૨૪**

ફોજદારી કેસ નંબર -૭૩૪/ ૨૦૨૦

**ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ ૮૨ અન્વયે આરોપીને હાજર થવા ફરમાવવાનું જાહેરનામુ**

(૧) મારી સમક્ષ ફરીયાદ કરવામાં આવી છે કે, **જય બજરંગ ટ્રેડીંગ કાું.ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા રહે. અમરેલી** નાઓએ ધી નેગોશિએબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનો કર્યો છે.

(૨) મજકુર આરોપી કોર્ટમાં હાજર રહેતા ન હોય અને તેમનાં પર કાઢવામાં આવેલ પકડ વોરંટ પર એવો શેરો થઈને આવેલ છે કે, તેઓ તેમના સરનામે રહેતા નથી આમ, પકડ વોરંટ પરના શેરા વંચાણે લેતા આ કામના આરોપી **જય બજરંગ ટ્રેડીગ કાું. ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા** મળી આવતા નથી. તેમજ મને ખાતરી કરાવવામાં આવેલ છે કે, મજકુર આરોપી ફરાર થઈ ગયા છે અથવા વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા ફરે છે.

(૩) આથી આ જાહેરનામુ કાઢીને ફરમાવવામાં આવે છે કે મજકુર આરોપી **જય બજરંગ ટ્રેડીંગ કાું. ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા રહે. અમરેલી** નાઓ ફરાર થઈ ગયા છે અથવા પકડ વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા ફરે છે. આથી, **મજકુર આરોપી જય બજરંગ ટ્રેડીંગ કાું. ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા** નાઓએ હાલની ફરીયાદનો જવાબ આપવા તારીખ ૨૩/૦૮/૨૦૨૪ ના રોજ અત્રેની એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ, અમરેલી સમક્ષ હાજર થવું.

આજરોજ તારીખ: ૧૯ મી, માહે જુલાઈ, સને :૨૦૨૪ ના રોજ મારી સહી કરી આપ્યું.

**સહી**
**(કે.બી.પરમાર)**
**એડીશનલ જયુડી મેજી.ફ.ક.,અમરેલી**

**મુકામ: અમરેલી**
**તા.૧૯/૦૭/૨૦૨૪**

## અમરેલીનાં મહે.એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં

**મુ.અમરેલી રૂમ નંબર -૨૨૪**

ફોજદારી કેસ નંબર -૮૯૯/ ૨૦૨૦

**ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ ૮૨ અન્વયે આરોપીને હાજર થવા ફરમાવવાનું જાહેરનામુ**

(૧) મારી સમક્ષ ફરીયાદ કરવામાં આવી છે કે, **જય બજરંગ ટ્રેડીંગ કાું.ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા રહે. અમરેલી** નાઓએ ધી નેગોશિએબલ ઈનસ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનો કર્યો છે.

(૨) મજકુર આરોપી કોર્ટમાં હાજર રહેતા ન હોય અને તેમનાં પર કાઢવામાં આવેલ પકડ વોરંટ પર એવો શેરો થઈને આવેલ છે કે, તેઓ તેમના સરનામે રહેતા નથી આમ, પકડ વોરંટ પરના શેરા વંચાણે લેતા આ કામના આરોપી **જય બજરંગ ટ્રેડીગ કાું. ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા** મળી આવતા નથી. તેમજ મને ખાતરી કરાવવામાં આવેલ છે કે, મજકુર આરોપી ફરાર થઈ ગયા છે અથવા વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા ફરે છે.

(૩) આથી આ જાહેરનામુ કાઢીને ફરમાવવામાં આવે છે કે મજકુર આરોપી **જય બજરંગ ટ્રેડીંગ કાું. ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા રહે. અમરેલી** નાઓ ફરાર થઈ ગયા છે અથવા પકડ વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા ફરે છે. આથી, **મજકુર આરોપી જય બજરંગ ટ્રેડીંગ કાું. ના માલીક હિંમતભાઈ વલ્લભભાઈ દોમડીયા** નાઓએ હાલની ફરીયાદનો જવાબ આપવા તારીખ ૨૩/૦૮/૨૦૨૪ ના રોજ અત્રેની એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ, અમરેલી સમક્ષ હાજર થવું.

આજરોજ તારીખ: ૧૯ મી, માહે જુલાઈ, સને :૨૦૨૪ ના રોજ મારી સહી કરી આપ્યું.

**સહી**
**(કે.બી.પરમાર)**
**એડીશનલ જયુડી મેજી.ફ.ક.,અમરેલી**

**મુકામ: અમરેલી**
**તા.૧૯/૦૭/૨૦૨૪**

તંત્રી લેખ

# ગઠબંધન સરકારનું પ્રથમ બજેટ

એનડીએની ગઠબંધન સરકારનું પ્રથમ બજેટ સાથી પક્ષોને ખુશ કરે તેવું છે. એનડીએની ગઠબંધન સરકાર લાંબી નહીં ચાલે તેવી વાતોનો અંત આવી ગયો છે કારણ કે બજેટથી સાથી પક્ષો ખુશ થયા છે. આ બજેટ પણ સાથી પક્ષોની અપેક્ષાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. સાથો સાથ આંધ્રપ્રદેશ જેવા ઓછા વિકસિત રાજ્યો પર પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. બેરોજગારી અને આર્થિક અસમાનતાને કારણે મતદારો દૂર ગયા હોવાનું ધ્યાનમાં આવ્યું છે. આ બાબતને ધ્યાનમાં રાખીને બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્રીય બજેટ પર નાણામંત્રી નિર્મલા સીતારમણના ૬૨ પાનાના ભાષણે સ્પષ્ટ કર્યું છે કે, ભારતીય જનતા પાર્ટી લોકસભા ચૂંટણીમાંથી પાઠ શીખવા અને ગઠબંધનની રાજનીતિમાં અનુકૂલન કરવા માટે ઝડપથી કામ કરશે. યુવાનોને નોકરીઓ અપાશે. ભાજપે બેરોજગારીના મુદ્દા પર આગળ વધવાનું નક્કી કર્યું છે, જેણે સામાન્ય ચૂંટણીઓમાં યુવા મતદારોને તેનાથી દૂર ધકેલ્યા હોય તેવું લાગતું હતું અને તેને નુકસાન પહોંચાડ્યું હતું. કોંગ્રેસ ભલે એમ કહી શકે કે ભાજપે તેના મેનિફેસ્ટોમાંથી ''રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહનો'' અને ''એપ્રેન્ટિસ સ્કીમ'' ઓફર કરી છે, નરેન્દ્ર મોદી સરકાર એવા યુવાનો સુધી પહોંચી રહી છે જે વિપક્ષી છાવણી તરફ આકર્ષિત થઈ રહ્યા હોય તેવું લાગતું હતું. ખાસ કરીને નીટ પેપર લીકના મુદ્દા પછી સરકાર તે નિવારવા માટે પગલા લઈ રહી છે. શાસક ભાજપે તેના બે મુખ્ય સાથી પક્ષો, જનતા દળ (યુનાઈટેડ) અને તેલુગુ દેશમ પાર્ટીને પણ નિઃશંકપણે સમર્થન આપ્યું છે, જેમાં સીતારમણે આ બજેટમાં આંધ્રપ્રદેશ અને બિહાર બંનેને આપવામાં આવેલી હજારો કરોડની "વિશેષ મદદ"નો મુખ્ય ઉલ્લેખ કર્યો છે. વિપક્ષે તેને "એનડીએ જોડો બજેટ" અને "આંધ્ર-બિહાર બજેટ" તરીકે લેબલ કરવા માટે ઉતાવળ કરી હતી, આના કારણે ભાજપના બંને મુખ્ય સાથી પક્ષો સંતોષ અનુભવી રહ્યા છે. સરકારની રચના સમયે અમુક લોકોએ એવી શંકા વ્યક્ત કરી હતી કે આ ગઠબંધન સરકાર લાંબી નહીં ચાલે. સાથી પક્ષો સાથે મધ્યસ્થી સર્જાતા સરકાર તૂટી પડશે પરંતુ સરકાર ખૂબ વ્યવસ્થિત રીતે ચાલશે તેવું અત્યારે લાગી રહ્યું છે. વિરોધી પણ શરૂઆતમાં એવું કહેતા હતા કે નરેન્દ્ર મોદી ગઠબંધન સરકાર ચલાવી શકશે નહીં અને એન. ચંદ્રબાબુ નાયડુ અને નીતિશ કુમાર આખરે દૂર થઈ જશે. આ બજેટથી નાયડુ અને નીતિશ કુમારે સંપૂર્ણપણે ખુશ થઈને તે ચર્ચાનું સમાધાન કર્યું છે, અને ભાજપ દાવો કરી શકે છે કે તેની પાસે વિરોધ પક્ષના મોરચા કરતાં વધુ સુમેળભર્યું જોડાણ છે.

જેડી(યુ), ટીડીપીએ એવી પ્રતિક્રિયા આપી છે કે તેઓ સંતોષ અનુભવી રહ્યા છે. જેડી(યુ) બિહાર માટે કરાયેલી ફાળવણીથી સંપૂર્ણ સંતુષ્ટ છે અને પાર્ટીની તમામ વિનંતીઓ પૂરી કરવામાં આવી છે. "આ માત્ર એક શરૂઆત છે. બિહારને આવનારા દિવસોમાં અને વર્ષોમાં વધુ મળશે. સૌથી મોટી અને સૌથી મહત્વની મદદ પૂરશમન પ્રયાસો માટે છે. જ્યાં સુધી કામ કરવામાં આવે ત્યાં સુધી પરિભાષાથી કોઈ ફરક પડતો નથી.

# એક સમયનો સર્વાધિક લોકપ્રિય મોબાઈલ નોકીયા હવે રંગ જમાવશે







પ્રાસંગિક
સુરેશ દેસાઈ

એક સરસ ગીત છે કે ''ગુજરા હુઆ જમાના આતા નહીં દુબારા''. પરંતુ એક સમયના અતિ લોકપ્રિય nokia ફોન હવે બજારમાં ધૂમ મચાવવા આવી પહોંચ્યા છે. જોકે મોબાઈલમાં nokia ના અમુક મોડેલો ઉપલબ્ધ છે પરંતુ હવે તેમાં અનેક વેરાઈટી આવી રહી છે. મોબાઈલની અન્ય કંપની એચએમડી છે. હ્યુમન મોબાઈલ ડિવાઈસીસ (HMD), ઔપચારિક રીતે HMD ગ્લોબલ, ફિનિશ મોબાઈલ ફોન ઉત્પાદક છે. કંપની મોબાઈલ ફોન બિઝનેસથી બનેલી છે જે નોકિયા કોર્પોરેશને ૨૦૧૪ માં માઈક્રોસોફ્ટને વેચી હતી, પછી ૨૦૧૬ માં તેને પાછી ખરીદી લીધી હતી. HMD એ ૧ ડિસેમ્બર ૨૦૧૬ ના રોજ નોકિયા-બ્રાન્ડેડ સ્માર્ટફોન અને ફીચર ફોનનું માર્કેટિંગ કરવાનું શરૂ કર્યું હતું. કંપની પાસે નોકિયા બ્રાન્ડના વિશિષ્ટ અધિકારો છે. લાયસન્સ કરાર દ્વારા મોબાઈલ ફોન માટે HMD બ્રાન્ડનો શરૂઆતમાં માત્ર કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગ થતો હતો અને તે જાહેરાતમાં દેખાતો નથી, જ્યારે સોશિયલ મીડિયા પર "નોકિયા મોબાઈલ" નામનો ઉપયોગ થાય છે. જેમ તે લોન્ચ કરવામાં આવ્યું હતું, HMD સંક્ષિપ્ત નામ Hon Hai Mobile Devices માટે હતું. આ તેની રચના સમયે મુખ્ય શેરહોલ્ડરના સંદર્ભમાં હતું. તાઈવાની જૂથ ફોક્સકોન. જાન્યુઆરી ૨૦૨૪માં, HMDએ 'હ્યુમન મોબાઈલ ડિવાઈસીસ'નું પુનઃબ્રાંડિંગ કર્યું અને ભવિષ્યના ઉપકરણો પર નોકિયાની સાથે તેમના પોતાના બ્રાન્ડિંગનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. HMDનું મુખ્ય મથક એસ્પૂ, ફિનલેન્ડમાં છે અને મોટાભાગે નોકિયાના ભૂતપૂર્વ અધિકારીઓ દ્વારા ચલાવવામાં આવે છે. પ્રથમ સીઈઓ આર્ટો નુમેલા હતા, જેઓ ૧૭ વર્ષથી નોકિયાના પીઢ કર્મચારી હતા, જુલાઈ ૨૦૧૭ સુધી, જ્યારે કંપનીના પ્રમુખ ફ્લોરિયન સેચેએ સીઈઓ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. ફોક્સકોન પેટાકંપની FIH મોબાઈલને ઉત્પાદન આઉટસોર્સ કરવામાં આવે છે. નોકિયાએ એચએમડીમાં રોકાણ કર્યું છે, અને રોયલ્ટીની ચૂકવણીના બદલામાં ફરજિયાત જરૂરિયાતો નક્કી કરીને અને પેટન્ટ અને ટેક્નોલોજી પ્રદાન કરીને ભાગીદાર રહે છે. HMD નોકિયા ફોનને "સર્વોત્તમ ગુણવત્તા આપવાનું કાર્ય કરે છે Nokia નો ઈતિહાસ જાણવા જેવો છે. નોકિયાનો ઈતિહાસ એપલ, સેમસંગ અને ગૂગલ તરફથી વધુ નવીન સ્માર્ટફોન ઓફરિંગમાં વધારો થવાને કારણે માર્કેટ લીડરશીપ જાળવવામાં સંઘર્ષ કરવાનું શરૂ કર્યું ત્યાં સુધી નોકિયા એક અગ્રણી વૈશ્વિક મોબાઈલ ફોન અને સ્માર્ટફોન નિર્માતા કંપની હતી. મોબાઈલ માર્કેટમાં સ્માર્ટફોન તરફ પરિવર્તન અને મોબાઈલ ઓપરેટિંગ સિસ્ટમ્સની નબળી પસંદગી સહિતના વિવિધ પરિબળોને કારણે, નોકિયા ૨૦૦૦ ના દાયકામાં તેની લોકપ્રિયતા જાળવી રાખવામાં અસમર્થ હતું. તેની ઓપરેટિંગ સિસ્ટમનો ઉપયોગ કરવા માટે માઈક્રોસોફ્ટ સાથેની તેની પ્રારંભિક ભાગીદારી પણ મદદ કરી ન હતી કારણ કે Windows ફોનની મોબાઈલ એપ્લિકેશન ઓફરિંગ એપલના iOS અને Googleના Android પર ઉપલબ્ધ હોય તેટલી વ્યાપક ન હતી. આ સમયે, નોકિયા પાસે ફીચર ફોનની શ્રેણી હતી, અને માઈક્રોસોફ્ટ લુમિયા અને નોકિયા આશા પ્રોડક્ટ લાઈન હેઠળ લો-થી હાઈ-એન્ડ સ્માર્ટફોનની શ્રેણી હતી.

૨૦૧૦ ના દાયકાની શરૂઆતમાં, નોકિયાએ મોબાઈલ ફોન માર્કેટમાં મોટો બજારહિસ્સો ગુમાવ્યો હતો અને એપલ અને સેમસંગ આગળ નીકળી ગયા હતા. ૨૦૧૪ માં, નોકિયાનો મોબાઈલ ફોન બિઝનેસ માઈક્રોસોફ્ટને વેચવામાં આવ્યો હતો, તેની સાથે દસ વર્ષ માટે મોબાઈલ ફોન માટે નોકિયા બ્રાન્ડનો ઉપયોગ કરવાનો અધિકાર હતો.

વેચાણથી વ્યવસાયની મુશ્કેલીઓનો અંત આવ્યો નથી. માઈક્રોસોફ્ટે બ્રાન્ડનો ઉપયોગ મુખ્યત્વે તેની વિન્ડોઝ ફોન મોબાઈલ ઓપરેટિંગ સિસ્ટમને રજૂ કરવાના સાધન તરીકે કર્યો હતો, જે પોતે કોઈપણ પ્રકારની નોંધપાત્ર બજારમાં હાજરી સ્થાપિત કરવા માટે સંઘર્ષ કરી રહી હતી.

માઈક્રોસોફ્ટ લુમિયા સ્માર્ટફોન્સની શ્રેણીએ એન્ડ્રોઈડ અને iOS ઉપકરણો દ્વારા પ્રભુત્વ ધરાવતા અત્યંત સ્પર્ધાત્મક સ્માર્ટફોન માર્કેટમાં નોંધપાત્ર આકર્ષણ મેળવ્યું નથી. ત્યાં વધુ આંતરિક સંઘર્ષો હતા, કારણ કે માઈક્રોસોફ્ટે માઈક્રોસોફ્ટ મોબાઈલ હેઠળ નોકિયા બ્રાન્ડને તેના પોતાના ઉદ્દેશ્યો સાથે સમાધાન કરવાનો પ્રયાસ કર્યો હતો. ઑક્ટોબર ૨૦૧૪ સુધીમાં, માઈક્રોસોફ્ટે માઈક્રોસોફ્ટ લુમિયા ૫૩૫ ના પ્રકાશન સાથે તેની માઈક્રોસોફ્ટ-બ્રાન્ડેડ લુમિયા સ્માર્ટફોન રેન્જની તરફેણમાં નોકિયા બ્રાન્ડને પડતી મૂકવાનું નક્કી કર્યું, જ્યારે માત્ર ફીચરફોન સેગમેન્ટમાં નોકિયા બ્રાન્ડ રાખવામાં આવી. નોકિયા પર પાછા કરવાનું મન થઈ જાય તેવા નવા ફોન હવે બજારમાં આવી રહ્યા છે. નોકિયાના સીઈઓ રાજીવ સૂરીએ જૂન ૨૦૧૫માં જણાવ્યું હતું કે નોકિયા બ્રાન્ડ સ્માર્ટફોનમાં પાછી આવશે. તે વર્ષની શરૂઆતમાં નોકિયા ટેક્નોલોજીએ એન્ડ્રોઈડ પર ચાલતું N1 ટેબલેટ બહાર પાડ્યું હતું.

માઈક્રોસોફ્ટ સાથેના એક્વિઝિશન કરારની શરતો હેઠળ, નોકિયા ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ સુધી નોકિયા-બ્રાન્ડેડ ફોન વેચી શકશે નહીં. સુરીએ ફેબ્રુઆરી ૨૦૧૬માં જણાવ્યું હતું કે તેઓ ઈચ્છે છે કે કંપની એવી સ્થિતિમાં હોય જ્યાં તે અન્ય ઉત્પાદક સાથે સહ-ડિઝાઈન કરે, પરંતુ "યોગ્ય નિયંત્રણ પગલાં" રાખે. એચએમડી ગ્લોબલ ઓય મૂળ ૯ નવેમ્બર ૨૦૧૫ના રોજ હેલસિંકીમાં સામેલ કરવામાં આવ્યું હતું. ૧૮ મે ૨૦૧૬ના રોજ, માઈક્રોસોફ્ટ મોબાઈલે HMD ગ્લોબલ અને FIH મોબાઈલને તેના ફીચર ફોન બિઝનેસના વેચાણની જાહેરાત કરી હતી. વેચાણમાં ડિઝાઈન અધિકારો અને ૨૦૨૪ સુધી વિશ્વભરમાં તમામ પ્રકારના મોબાઈલ ફોન અને ટેબ્લેટ પર નોકિયા બ્રાન્ડનો ઉપયોગ કરવાના તેના અધિકારોનો સમાવેશ થાય છે, જાપાન સિવાય, જ્યાં ૨૦૦૮ થી નોકિયા-બ્રાન્ડેડ મોબાઈલ ફોન વેચાયા નથી. HMD પણ નોકિયા કોર્પોરેશન સાથે લાયસન્સ કરાર પર હસ્તાક્ષર કર્યા જેમાં તેને સેલ્યુલર સ્ટાન્ડર્ડ આવશ્યક પેટન્ટ લાઈસન્સનો ઉપયોગ આપવાનો સમાવેશ થાય છે. નોકિયાએ આ પગલે જણાવ્યું છે હવે nokia મોબાઈલ નવા રૂપ રંગ સાથે બજારમાં આવી રહ્યા છે. સાન્યા મલ્હોત્રાને nokia ની બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવી છે. હિન્દી ફિલ્મની અભિનેત્રીને 'મિસિસ'માં તેની ભૂમિકા માટે ન્યૂયોર્ક ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૪માં શ્રેષ્ઠ અભિનેત્રી પુરસ્કારનું નામાંકન મળ્યું હતું.

**એક સમયે નોકિયાની બોલબાલા હતી. Nokia નો ફોન તે સમયે બ્લેક એન્ડ વ્હાઈટ સ્ક્રીનનો હોવા છતાં સ્ટેટસ સિમ્બોલ ગણાતો. હવે નોકિયાનો ફરી જમાનો આવે એવા સંજોગોનું નિર્માણ થયું છે**

# માર્કેટયાર્ડના ભાવ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૮૦ | ૧૫૯૫ |
| ઘઉં લોકવન | ૫૨૨ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૧૭ | ૫૫૪ |
| જુવાર સફેદ | ૭૯૦ | ૮૨૫ |
| જુવાર લાલ | ૭૯૦ | ૮૨૫ |
| જુવાર પીળી | ૭૯૦ | ૧૦૦૦ |
| બાજરી | ૩૯૦ | ૪૪૦ |
| તુવેર | ૧૬૫૦ | ૨૩૫૦ |
| ચણા પીળા | ૧૧૪૪ | ૧૩૩૧ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૨૫૨૫ |
| અડદ | ૧૭૬૦ | ૧૯૦૧ |
| મગ | ૧૪૦૦ | ૧૬૭૦ |
| ચોળી | ૯૦૦ | ૩૦૦૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૩૭૦ |
| મગફળી જીણી | ૧૧૨૫ | ૧૩૦૦ |
| અળસી | ૭૭૫ | ૭૭૫ |
| તલી | ૨૨૦૦ | ૨૫૬૦ |
| સુરજમુખી | ૬૫૧ | ૬૫૧ |
| એરંડા | ૧૦૪૦ | ૧૧૭૦ |
| સોયાબીન | ૮૪૦ | ૮૬૮ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૫૨૫ |
| કાળા તલ | ૩૦૭૯ | ૩૩૯૦ |
| લસણ | ૧૯૫૦ | ૩૧૫૦ |
| ધાણા | ૧૧૮૦ | ૧૪૭૧ |
| વરીયાળી | ૧૦૪૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૪૪૦૦ | ૪૯૩૨ |
| રાય | ૧૦૧૦ | ૧૨૨૦ |
| મેથી | ૯૫૦ | ૧૨૪૯ |
| રાયડો | ૯૬૦ | ૧૦૩૦ |
| રજકાનું બી | ૪૨૦૦ | ૫૫૫૦ |
| ગુવારનું બી | ૧૦૧૦ | ૧૦૪૦ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| લીંબુ | ૪૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૧૧ |
| ડુંગળી સુકી | ૧૮૦ | ૫૮૫ |
| ટમેટા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૭૦ | ૧૬૦ |
| કોબીજ | ૪૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૩૫૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૬૫૦ |
| દુધી | ૨૫૦ | ૪૦૦ |
| કારેલા | ૨૮૦ | ૫૨૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| પરવળ | ૮૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૮૦ | ૫૩૦ |
| કંટોળા | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ગલકા | ૧૫૦ | ૩૬૦ |
| બીટ | ૩૫૦ | ૫૨૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૫૦૦ | ૧૯૦૦ |
| મરચા લીલા | ૬૫૦ | ૧૦૩૦ |
| મગફળી લીલી | ૭૫૦ | ૧૨૫૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૫૦ | ૧૨૩૯ |


| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૩૬ |
| શિંગ ફાડા | ૧૧૫૦ | ૧૪૯૪ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૭૦૧ |
| તલ કાળા | ૩૦૪૦ | ૩૪૯૯ |
| તલ કાશ્મીરી | ૩૫૨૦ | ૩૫૨૦ |
| જુવાર | ૭૮૦ | ૮૦૦ |
| ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૬૧ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૫૭૦ |
| મગ | ૧૫૯૬ | ૧૬૪૫ |
| ચણા | ૧૧૦૩ | ૧૩૦૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| જીરું | ૪૬૪૦ | ૪૭૫૦ |
| ધાણા | ૧૨૯૧ | ૧૨૯૧ |
| સોયાબીન | ૮૪૩ | ૮૪૩ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૫૩૦ |
| રીંગણાં | ૬૦ | ૧૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૫૦૦ | ૭૦૦ |
| ટામેટા | ૧૫૦૦ | ૧૭૦૦ |
| સુરણ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૬૦ | ૧૦૦ |
| કરેલા | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચોળાશીંગ | ૫૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૦૦૦ |

| | | |
|---|---|---|
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૬૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૫૦૦ |
| લસણ સૂકું | ૨૦૦૦ | ૩૪૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૮૦૦ |
| પાલક | ૫૦૦ | ૭૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૫૨૬ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૬૧૮ |
| ઘઉં ટુકડા | ૫૧૬ | ૫૭૦ |
| મગફળી જીણી | ૮૮૧ | ૧૨૫૧ |
| સિંગદાણા જાડા | ૧૪૩૧ | ૧૭૫૧ |
| સિંગ ફાડીયા | ૧૦૫૦ | ૧૫૫૧ |
| એરંડા / એરંડી | ૮૦૦ | ૧૧૭૬ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૨૮૧ |
| જીરૂ | ૩૯૦૧ | ૫૦૫૧ |
| કલોંજી | ૨૧૦૧ | ૩૬૯૧ |
| ધાણા | ૯૦૧ | ૧૫૦૧ |
| લસણ સુકું | ૧૦૧૧ | ૩૩૮૧ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૫૫૬ |
| તુવેર | ૧૫૦૧ | ૨૨૫૧ |
| મેથી | ૭૦૧ | ૧૦૧૧ |
| મગફળી જાડી | ૮૦૧ | ૧૩૭૬ |
| સફેદ ચણા | ૧૩૦૧ | ૨૫૮૧ |
| મગફળી નવી | ૮૦૦ | ૧૨૭૬ |
| ધાણી | ૯૦૧ | ૧૬૦૧ |
| બાજરો | ૪૯૧ | ૪૯૧ |
| જુવાર | ૪૪૧ | ૮૨૧ |

| | | |
|---|---|---|
| મગ | ૧૪૧૧ | ૧૬૮૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૩૨૧ |
| વાલ | ૯૭૬ | ૧૭૭૬ |
| ચોળા / ચોળી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૪૬ |
| ગોગળી | ૬૦૦ | ૧૨૧૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૨૦ | ૧૨૨૧ |
| શીંગ-મોટી | ૧૨૦૦ | ૧૨૩૧ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૭૦૦ |
| તલ સફેદ | ૨૦૦ | ૨૫૩૧ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૮૨૨ |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૭૦ |
| બાજરો | ૪૦૦ | ૪૮૭ |
| મગ | ૧૪૫૦ | ૧૫૩૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૭૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મગફળી | ૮૦૦ | ૧૦૦૦ |
| શિંગદાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૦૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૮૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૨૩ | ૧૫૬૭ |
| મગફળી | ૧૦૮૦ | ૧૧૪૦ |
| જીરૂ | ૪૬૬૫ | ૪૮૭૫ |
| ઘઉં | ૪૯૦ | ૫૧૦ |

| | | |
|---|---|---|
| તલ | ૨૨૯૫ | ૨૩૩૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૮૫ | ૧૦૮૫ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૪૭૪ |
| કપાસ | ૧૫૧૧ | ૧૫૫૭ |
| બાજરો | ૪૮૬ | ૫૦૦ |
| ઘઉ ટુકડા | ૪૮૧ | ૫૩૦ |
| જુવાર | ૫૦૦ | ૮૪૦ |
| શીંગદાણા | ૧૫૧૭ | ૧૬૫૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૦૭૦ | ૧૧૭૬ |
| શીંગ જી-૨૦ | ૧૫૨૨ | ૧૭૮૨ |
| એરંડા | ૧૦૦૧ | ૧૧૫૨ |
| જુવાર | ૩૦૦ | ૯૨૭ |
| બાજરી | ૪૪૧ | ૫૧૫ |
| ઘંઉ ટુકડા | ૪૧૪ | ૬૧૫ |
| મગ | ૧૩૯૮ | ૧૬૨૮ |
| ચણા | ૯૦૦ | ૧૨૭૮ |
| તલ સફેદ | ૨૧૯૦ | ૨૫૭૧ |
| તુવેર | ૧૪૯૮ | ૧૫૪૦ |
| સોયાબીન | ૮૧૮ | ૮૩૫ |
| ડુંગળી લાલ | ૧૧૬ | ૫૬૩ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૩૫૯ |
| નાળીયેર | ૪૩૦ | ૧૭૪૦ |
| કપાસ | ૧૦૧૨ | ૧૦૭૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૩૦૪ |
| બાજરી | ૪૧૦ | ૪૭૬ |
| ઘઉં | ૫૦૦ | ૫૭૧ |
| સફેદ તલ | ૨૧૦૦ | ૨૪૭૮ |
| કાળા તલ | ૩૦૫૦ | ૩૪૩૫ |
| સોયાબીન | ૮૭૦ | ૮૭૮ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૧૮૧૮ |

## શબ્દ સંજોગ-૧૮૪૧



**આડી ચાવી :**
(૧) તાર, તાંતણો (૨)
(૩) મુગટ, રાજમુગટ (૨)
(૫) નિશ્ચિત સમય, હદ (૩)
(૭) પૂંછડી (૨)
(૮) એક કોમેડિયન (આ-અ) (૫)
(૧૦) ધીરજ, સ્વસ્થતા (૨)
(૧૨) છેડો, કાંઠો (૨)
(૧૩) સંગીત સાથેનું નૃત્ય (૨)
(૧૪) ---દિયા જાય કે છોડ દિયા જાય (૨)
(૧૫) મા, જનેતા (૨)
(૧૬) જુદું, નોખું (૩)
(૧૭) બધા પાનાં ભરાઈ જાય પછી પાડજો (૨)
(૧૮) ચેકમાં આનું ખૂબ મહત્વ હોય છે (૩)
(૨૦) એક કઠોળ (૨)
(૨૧) શંકર દાદાનું એક નામ (૩)
(૨૩) એક પશુ (૩)
(૨૪) ભીંડીની જાતનો એક છોડ (૨)
(૨૫) અવાજ (૨)
(૨૭) સૂબો, મુસલમાન રાજા (૩)
(૨૮) શુધ્ધ સોનું (૩)

**ઉભી ચાવી :**
(૧) આરોગ્ય (૪)
(૨) હિંદીમાં 'તમે' લખો (૨)
(૩) ભાવાર્થ, હેતુ (૩)
(૪) ----બિન મછલી નૃત્ય બિન બિજલી (૨)
(૫) પુષ્પાદિક સુગંધીદાર પદાર્થનો અર્ક (૩)
(૬) કૃષ્ણ પક્ષનું પખવાડિયું (૨)
(૯) ઉપાસના કરવા લાયક (૩)
(૧૦) સંગીતના સ્વર સપ્તકમાંનો છઠ્ઠો સ્વર (૩)
(૧૨) એક વૃક્ષ જેની સિંગનું શાક બને (૪)
(૧૩) એક પક્ષી (૩)
(૧૪) વાતમાં કંઈ--- નથી ને! (૨)
(૧૫) ફૂલઝાડ ઉછેરનાર (૨)
(૧૭) પધ્ધતિસર, સંગીતમાં તાલ મુજબ (૪)
(૧૮) ગાયનમાં ઠોકનું માપ (૨)
(૧૯) એક ફરસાણ (૩)
(૨૦) વગાડવું તે (૩)
(૨૨) એક પેટા ઋતુ (૩)
(૨૪) મડદું (૨)
(૨૬) જંગલ, અરણ્ય (૨)

## શબ્દ સંજોગ-૧૮૪૦ જવાબ

**આડી ચાવી:** (૧) યદા (૩) સપ્રેમ (૫) ભાગ્યે (૬) સનમ (૮) કવન (૧૧) વાતાવરણ (૧૪) મેખ (૧૬) જાજમ (૧૮) બરડ (૨૦) ધારણ (૨૧) નીરસ (૨૩) સહ (૨૫) પ્રશંસનીય (૨૯) મોહક (૩૦) રદિયો (૩૨) લક્ષ (૩૩) રસમ (૩૪) ગીચ.

**ઊભી ચાવી:** (૨) દાસ (૩) સમતા (૪) મકર (૫) ભાન (૭) નવા (૯) વણજાર (૧૦) નમે (૧૨) વતી (૧૩) વામ (૧૫) ખબર (૧૭) જણસ (૧૯) રસપ્રદ (૨૧) નીર (૨૨) ફાંસ (૨૪) હઠ (૨૬) શંકર (૨૭) નીરસ (૨૮) યદિ (૨૯) મોક્ષ (૩૧) યોગી.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને વિકસિત અમરેલી વિઝન ૨૦૪૭ ડોક્યુમેન્ટ વર્કશોપ



અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાની વિશેષ ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા સેવા સદન - કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે 'વિકસિત અમરેલી @ ૨૦૪૭ વિઝન ડોક્યુમેન્ટ' અંતર્ગત જિલ્લાના અધિકારીઓ માટેના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા માટે વિકસિત અમરેલી @ ૨૦૪૭ નામનું એક વિઝન ડોક્યુમેન્ટ અને જિલ્લાના વિકાસનો રોડમેપ તૈયાર કરવા આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા આયોજન અધિકારી દ્વારા તમામ સંબંધિત વિભાગના અધિકારીઓને આ વિઝન ડોક્યુમેન્ટ અંગે પ્રાથમિક સમજ આપવામાં આવી હતી જ્યારે આંકડા અધિકારી દ્વારા વિકસિત અમરેલી @ ૨૦૪૭ અંગેનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. વધુમાં જિલ્લા ખેતીવાડી અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા ૨૦૪૭ સુધીનો રોડમેપ રજૂ કરવામાં આવ્યો. આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીઓ, કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન જિલ્લા આયોજન અધિકારી અને જિલ્લા આંકડા અધિકારીએ કર્યું હતું.

# અંત્યોદય શ્રમિક સુરક્ષા અકસ્માત વીમા યોજનાની પોલિસી રિન્યુ કરાવી લેવા સૂચના

**પોસ્ટ ઓફિસમાં પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવકનો સંપર્ક કરવાનો રહેશે**

અમરેલી,તા.૨૪

અંત્યોદય શ્રમિક સુરક્ષા અકસ્માત વીમા યોજના-૨૦૨૪ હેઠળ શ્રમિકોને માત્ર ૨૮૯ રૂપિયાના વાર્ષિક પ્રીમિયમમાં ૦૫ લાખ અને ૪૯૯ રૂપિયામાં ૧૦ લાખનું વીમા કવચ મળવાપાત્ર છે. ત્યારે આ યોજના હેઠળના પોલિસી ધારકોને વીમા પોલિસી રિન્યુઅલ કરાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. આ યોજનામાં માત્ર ૨૮૯ રૂપિયાના વાર્ષિક પ્રીમિયમમાં ૦૫ લાખ તેમજ ૪૯૯ રૂપિયામાં ૧૦ લાખનું વીમા કવચ શ્રમિકોને ટાટા જનરલ ઈન્સ્યોરન્સ, બજાજ જનરલ ઈન્સ્યોરન્સ, નિવા બુપા હેલ્થ ઈન્સ્યોરન્સ, અને સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સ, પાટનર્સ કંપનીના સહયોગથી આપવામાં આવી રહ્યું છે. યોજના અંતર્ગત ગયા વર્ષે જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં અમરેલી જિલ્લામાં અંદાજીત દસ હજારથી પણ વધુ શ્રમિકો આ યોજનામાં જોડાયા હતા. આ વર્ષે પણ બહોળી સંખ્યામાં શ્રમિકો આ યોજનામાં જોડાઈ રહ્યા છે. જે શ્રમિકોએ આ પોલિસી ગયા વર્ષે લીધેલ હોય તેમને રિન્યુઅલ માટે તેમજ અમરેલી જિલ્લામાં વસતા અન્ય શ્રમિકો આ યોજનામાં જોડાય તે માટે નજીકની પોસ્ટ ઓફિસમાં પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવકનો સંપર્ક કરવાનો રહેશે. તેમજ શ્રમિકો સિવાયના પણ નાગરિકો ગ્રુપ અકસ્માત પોલિસીનું વીમા રક્ષણ માત્ર ૩૯૯ રૂપિયામાં ૫ લાખ અને ૬૯૯ રૂપિયામાં ૧૦ લાખ મેળવી શકાશે. તેમ અધિક્ષક, ડાકઘર અમરેલી દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

# બગસરા વિસ્તારમાં પૂરને કારણે ખેડૂતોને ભારે નુકસાન, કોંગ્રેસ દ્વારા વળતરની માંગ



અમરેલી, તા.૨૪

આજરોજ બગસરા વિસ્તારમાં ભારે વરસાદના કારણે સાંતલડી અને ખારી નદીમાં ભારે પૂર આવ્યું હતું. આ પૂરને કારણે નદી કિનારાના ગામો અને ખેતરોમાં ભારે નુકસાન થયું છે. અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ સંદીપભાઈ ધાનાણી દ્વારા કલેક્ટરને પત્ર લખીને આ ઘટનાની જાણ કરવામાં આવી છે અને ઝડપથી સર્વેક્ષણ કરીને ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવાની માંગ કરવામાં આવી છે.

# ડેડાણ અમર ધામ આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી



અમરેલી,તા.૨૪

ડેડાણમાં અમરધામ આશ્રમ ખાતે ગુરુપૂર્ણિમાના પાવન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભજન, ભોજન અને સંતવાણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુપૂર્ણિમાના પાવન પર્વના અવસરે અમરધામ આશ્રમના મહંત સંત દેવેન્દ્રદાસ બાપુના શિષ્ય બાલકદાસબાપુ, મુકતા માતાજી તેમજ સેવક સમુદાય દ્વારા ગુરુવંદના કરી ધન્યતા અનુભવી હતી. આ તકે ભાવિક ભક્તો અને સેવકગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને સંતવાણી, ભજનની મોજ માણી હતી. સંતવાણીમાં લોકસાહિત્યકાર પ્રફુલભાઈ બગથળીયા, જાણીતા ભજનીક નૈતિક વ્યાસ, તન્વી ગઢવી, અનસૂયા શિયાળ, લીંબા ભગત સહિત કલાકારો દ્વારા સંતવાણી, ભજનની રમઝટ બોલાવવામાં આવી હતી.

# ચાંદીપુરા વાયરસની તકેદારીના ભાગરૂપે હાથસણી ગામે દવાનો છંટકાવ કરાયો



સાવરકુંડલા,તા.૨૪

સમગ્ર ગુજરાત રાજયમાં ચાંદીપુરા વાયરસે ભારે કહેર મચાવ્યો છે અને સરકાર દ્વારા તેની સામે અગમચેતીના ભાગરૂપે પગલાં લેવામાં આવી રહ્યા છે. જેના અનુસંધાને સાવરકુંડલાના હાથસણી ગામે તમામ આંગણવાડી, કાચા મકાન અને પ્રાથમિક શાળામાં મેલીથીઓન પાવડરનો છંટકાવ કરવામાં આવ્યો હતો. સાથે ગામના રસ્તાઓ પર ખાડા ખાબોચીયામાં ડાયકલુરોબેન્જયુરોન દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. આ કામગીરી એચ.બી. સાગઠીયા એમપીએચ ડબલ્યુ, હાથસણી પીએચસી તેમજ જીરા પીએચસી દ્વારા કરવામાં આવી હતી.

**અમદાવાદમાં યોજાયેલ ૪૦મી રાજ્ય કક્ષાની ગુજરાત સ્ટેટ ઓપન સાઇટ શૂટિંગ ચેમ્પિયનશિપમાં**

# શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ

**જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS)ના વિદ્યાર્થીઓએ કુલ છ મેડલ જીત્યા છે**



અમદાવાદ,તા.૨૪

તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ ૪૦મી ગુજરાત સ્ટેટ ઓપન સાઈટ શૂટિંગ ચેમ્પિયનશિપમાં અમરેલી જિલ્લાના શૂટર્સે શાનદાર પ્રદર્શન કર્યું છે. શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS)ના છ વિદ્યાર્થીઓએ કુલ છ મેડલ જીત્યા છે. સૃષ્ટી બાંભણીયા અને રાજેશ બાંભણીયાએ ગોલ્ડ મેડલ જીત્યા છે, જ્યારે બિપીન તાવીયા, ગુંજલ તાવીયા અને ખુશાલી વાઘેલાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા છે. ધરમ કાવરે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ સિદ્ધિથી અમરેલી જિલ્લા અને શાળા પરિવારનું ગૌરવ વધ્યું છે. શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રીઓ ચતુરભાઈ ખૂંટ અને મનસુખભાઈ ધાનાણી, તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિજેતા ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં રાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરશે.

# ધારીના વેકરીયાપરા પાસે બે કાર વચ્ચે વિચિત્ર અકસ્માત




તસવીર : સંજય વાળા

અમરેલી, તા.૨૪

ધારીના વેકરીયાપરા પાસે બે કારની જોરદાર ટક્કર થઈ હતી. ધારીના વેકરીયાપરા પાસે આવેલા નર્મદેશ્વર મંદિર પાસે પાર્ક કરેલી એક કારને અમરેલી તરફથી પુરઝડપે આવેલી એક કારે જોરદાર ટક્કર મારી હતી અને બેકાબુ બનીને ૧૦ ફૂટ દૂર સુધી ફંગોળાઈ ગઈ હતી. અકસ્માત થતા લોકોના ટોળા એકત્ર થયા હતા અને બે ઘાયલોને સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.

# કોડીનારના ઘાંટવડ ગામે બેંકમાં ગ્રાહકોની દુર્દશા: ટપકતું પાણી અને ઉદાસીન કર્મચારીઓ

**બેંક ભાડાના મકાનમાં છે અને તેઓ માલિકની મંજૂરી વિના કોઈ સમારકામ કરાવી શકતા નથી**



કોડીનાર,તા.૨૪

કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI) ની બ્રાન્ચમાં ગ્રાહકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બેંકના મકાનમાં ઘણી સમસ્યાઓ છે, જેમાં સૌથી મોટી સમસ્યા એ છે કે છતમાંથી પાણી ટપકે છે. ગ્રાહકોએ ફરિયાદ કરી છે કે જ્યારે તેઓ બેંકમાં નાણાંકીય વ્યવહાર માટે જાય છે ત્યારે તેમને ટપકતા પાણીથી બચવા માટે છત્રી ધરવી પડે છે. આ ઉપરાંત, બેંકમાં પૂરતી બેઠક વ્યવસ્થા નથી, જેના કારણે ગ્રાહકોને કલાકો સુધી ઊભા રહીને લાઈનમાં ઊભા રહેવું પડે છે. જ્યારે ગ્રાહકોએ ટપકતા પાણીની સમસ્યા બાબતે બેંકના કર્મચારીઓને ફરિયાદ કરી, ત્યારે તેમને જવાબ મળ્યો કે બેંક ભાડાના મકાનમાં છે અને તેઓ માલિકની મંજૂરી વિના કોઈ સમારકામ કરાવી શકતા નથી.

આ સમસ્યા ગામના લોકો માટે ખૂબ જ હતાશાજનક બની ગઈ છે, જેમને પોતાના રોજિંદા નાણાંકીય વ્યવહારો માટે આ બેંક પર આધાર રાખવો પડે છે. આ સમસ્યામાંથી છુટકારો મળે તેવી લોકો અપેક્ષા રાખી રહ્યા છે.

# દામનગર સેવા સહકારી મંડળીનો ૩૫ લાખનો નફો, ૧૦% ડિવિડન્ડ જાહેર

દામનગર, તા.૨૪

દામનગર સેવા સહકારી મંડળી લી. ની ૭૩મી વાર્ષિક સામાન્ય સભામાં મંડળીએ ૩૫ લાખનો ચોખ્ખો નફો કર્યો હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સભાસદોને ૧૦% ડિવિડન્ડ જાહેર કરવામાં આવ્યું હતું. ૬૩૭ સભ્યો ધરાવતી આ મંડળીનું ટર્નઓવર રૂ. ૨૫ કરોડથી વધુ છે, જ્યારે ધિરાણ રૂ. ૧૦.૨૫ કરોડનું છે. મંડળીને "વર્ગ અ" ઓડિટ મળ્યું છે અને તેનું NPA ઝીરો છે. મંડળીની વ્યવસ્થાપક સમિતિની પાંચ વર્ષની મુદત માટે ચૂંટણીમાં હરજીભાઈ નારોલા, રણછોડભાઈ બોખા, લાલજીભાઈ નારોલા, અરજણભાઈ નારોલા, ભીમજીભાઈ વાવડીયા, મનસુખભાઈ બોખા, ભીમજીભાઈ નારોલા, લાભુભાઈ નારોલા, પ્રિતેશભાઈ નારોલા, કરમશીભાઈ કાંસોદરીયા, વલ્લભભાઈ નારોલા, લાલજીભાઈ આસોદરિયા અને મોહનભાઈ બુધેલીયા બિનહરીફ ચૂંટાયા હતા. હરજીભાઈ નારોલાનો આ સતત ૩૦મો કાર્યકાળ છે. આજની વાર્ષિક સામાન્ય સભામાં મોહનભાઈ ઈસામલીયા, જાદવભાઈ સોજીત્રા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલદારશ્રી - કોડીનારની કચેરી**

તારીખ:- ૨૪/૦૭/૨૦૨૪

**વિવાદી (અરજદાર)** :- અરસીભાઈ દુદાભાઈ ચૌહાણ
રહે. ડોળાસા, તા. કોડીનાર, જી. ગીર સોમનાથ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી (સામાવાળા)**:- શ્રી તલાટી -કમ-મંત્રી સાહેબ - ડોળાસા,
મુ. ડોળાસા, તા. કોડીનાર, જી. ગીર સોમનાથ

**બાબત** :- જન્મ / મરણ નોંધ અધિનિયમની કલમ ૧૩ (૩) મુજબ જન્મ /મરણ નોંધ થવાનો હુકમ કરવા બાબત.

આથી જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અરસીભાઈ દુદાભાઈ ચૌહાણના પુત્રી શ્રી નામે મનિષાબેન અરસીભાઈ ચૌહાણનો જન્મ મોજે ડોળાસા મુકામે મારા નિવાસ સ્થાને તા. ૧૭/૧૨/૧૯૮૫ (સતર ડીસેમ્બર ઓગણીસો પંચ્યાસી) ના રોજ થયેલ છે. જેઓના જન્મની નોંધણી શરતચુકથી જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવાની રહી ગયેલ છે. જેથી તેઓની જન્મનુ પ્રમાણપત્ર ડોળાસા ગ્રામ પંચાયત, ડોળાસા, તા. કોડીનાર, જી.ગીર સોમનાથ કાઢી આપે તેવો હુકમ કરવા અરજદારએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી ખાતે જન્મ-મરણ/કેસ/રજી.નં.૧૯/૨૦૨૪ થી દાખલ કરેલ છે. જેથી આ બાબતે કોઈપણ ઈસમને, સંસ્થા કે વ્યકિતને સદર દાખલો આપવા સામે વાંધો, તકરાર હોય તો તેઓએ જાતે અથવા વકિલ મારફતે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી માં નોટીસ થયેથી દિન-૩૦ માં વાંધો કે તકરાર રજુ કરી શકે અન્યથા ન્યાયના હીતમાં હુકમ કરવામાં આવશે તેમ જણાવેલ છે.

સહિ
એકવોકેટ
રાવલ વિમલનાથ વિ.



**//- તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ- કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૩૮/૨૦૨૪

**પ્રતિ**
શ્રી ધનીબેન નારણભાઈ બારૈયા ....**અરજદાર**
રહે. કોટડા, ગામ-કોટડા, વેલણ તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ
વકીલશ્રી, **એસ.એ.દામોદરા તથા એચ.બી.જોષી**, રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ....**સામાવાળા**

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોટડા ગામના રહીશ **શ્રી ધનીબેન નારણભાઈ બારૈયાના પુત્ર શ્રી પ્રવિણ નારણભાઈ બારૈયાનો** જન્મ તા.૦૧/૦૬/૧૯૮૭ માં કોડીનાર તાલુકાના કોટડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના કોટડા ગામના સને ૧૯૮૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૧૮/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
(એન.જી.રાદડીયા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



**//- તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૨૧/૨૦૨૪

**પ્રતિ**
શ્રી પ્રતાપભાઈ સીદીભાઈ મોરી ....**અરજદાર**
મુ. દેવળી ગામ-દેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ
વકીલશ્રી, **એન.એમ.જાદવ**, રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, દેવળી તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ....**સામાવાળા**

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના દેવળી ગામના રહીશ **શ્રી પ્રતાપભાઈ સીદીભાઈ મોરીના માતૃશ્રી ગંગાબેન સીદીભાઈ મોરીનું** મરણ **તા.૩૦/૦૮/૧૯૯૮** ના રોજ કોડીનાર તાલુકાના દેવળી ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ **કોડીનાર તાલુકાના દેવળી ગામના સને. ૧૯૯૮ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.** જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૧૮/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
(એન.જી.રાદડીયા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



**//- તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૨૦/૨૦૨૪

**પ્રતિ**
શ્રી દિનેશસિંહ રાણાભા મકવાણા ....**અરજદાર**
મુ. ઘાંટવડ ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ
વકીલશ્રી, **જે.જી.સોસા તથા એચ.જી.વાળા** ,રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ -મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ઘાંટવડ તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ....**સામાવાળા**

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના રહીશ **શ્રી દિનેશસિંહ રાણાભા મકવાણાના મોટા મા શ્રી મેઘબાઈબેન દાદુભાઈ મકવાણાનું** મરણ તારીખ: **૧૧/૧૦/૨૦૦૩** ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના સને. ૨૦૦૩ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૧૮/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
(એન.જી.રાદડીયા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં**

નં. જન્મ/ કેસ / રજી.નં.૪૧/૨૦૨૪

**પ્રતિ:**
શ્રી કુંવરબેન હામભાઈ ખસીયા .......અરજદાર
રહે.સુગાળા, ગામ-સુગાળા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.એન.વાજા, રહે. કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સુગાળા, તાલુકો. કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ .............સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના સુગાળા ગામના રહીશ શ્રી કુંવરબેન હામભાઈ ખસીયાનો પુત્ર શ્રી શૈલેષભાઈ હામભાઈ ખસીયાનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૯૫માં કોડીનાર તાલુકાના સુગાળા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના સુગાળા ગામના સને ૧૯૯૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૬/૦૮/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે .
આજ તારીખ ૧૮/૦૭/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

સહિ
(એન.જી.રાદડીયા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

ગુજરાત સરકાર

પૂરની પરિસ્થિતિમાં બનીએ સભાન

# સલામત બનાવીએ આપણું જીવન

આપત્તિ વ્યવસ્થાપન એ જ સાચી સાવચેતી



## પૂરની સ્થિતિ પહેલાં

- અફવા ફેલાવશો નહિ, શાંત રહો, ગભરાશો નહીં
- સ્થાનિક વહીવટીતંત્રના સંપર્કમાં રહી તેમની સૂચનાઓનું પાલન કરો
- આસપાસમાં સૌથી નજીકના સલામત સ્થળે પહોંચવાનો સલામત માર્ગ જાણો
- હવામાન અને પૂરની ચેતવણીની અદ્યતન માહિતી માટે રેડિયો સાંભળો કે ટેલિવિઝન નિહાળો
- તમારા મોબાઈલ ફોનને ચાર્જ કરી રાખો
- સર્પદંશ અને ઝાડા ઊલટી માટેની વધારાની દવાઓ સાથેની પ્રાથમિક સારવાર કિટ તૈયાર રાખો
- છત્રી સાથે રાખો અને સાપ જેવા ઝેરી જીવજંતુથી બચવા લાકડીની વ્યવસ્થા રાખો
- શુદ્ધ પાણી, સૂકો ખાદ્યપદાર્થ, મીણબત્તી/દીવાસળીની પેટીઓ, કેરોસીન, ફાનસ, મજબૂત દોરડાં, ટોર્ચ સાથે વધારાના બેટરી સેલ હાથવગા રાખો
- પશુઓના બચાવ માટે તેમને ખૂંટાથી છૂટાં રાખો

## સ્થળાંતર કરવાનું થાય ત્યારે

- લોકો અને પશુઓ સલામત આશ્રય લઈ શકે તેવા ઊંચા સ્થળે સ્થળાંતર કરો
- ઘરને તાળું મારી બંધ કરો અને દર્શાવેલા માર્ગે સલામત સ્થાને પહોંચો
- પૂરના પાણી ગટર દ્વારા ઘરમાં ન ઘૂસે તે માટે રેતીની કોથળીઓ મૂકી ગટર બંધ રાખો
- કપડાં, જરૂરી દવાઓ, કિંમતી ચીજ વસ્તુઓ, અંગત દસ્તાવજો વગેરેને વોટરપ્રુફ પેકિંગમાં બાંધી સાથે રાખો
- ફર્નિચર, ઘર ઉપયોગી સાધનો વગેરેને પલંગ કે ટેબલ ઉપર ઊંચે મૂકી રાખો
- ઘર છોડતા પહેલાં વીજ પુરવઠો અને ગેસ સિલિન્ડર બંધ કરો
- અજાણ્યા અને ઊંડા પાણીમાં ઉતરવાનું ટાળો

## પૂર દરમિયાન

- ગટર અને પાણીના નિકાલ માર્ગોથી દૂર રહો
- વીજ કરંટથી બચવા વીજળીના થાંભલા અને જમીન પર પડેલાં વીજ વાયરોથી દૂર રહો
- ઉકાળેલું જ પાણી પીવો અથવા પાણીને જંતુમુક્ત કરી પીવો
- આસપાસની જગ્યાને જંતુમુક્ત રાખવા ચૂનો અને બ્લિચીંગ પાવડરનો છંટકાવ કરો
- બાળકોને ભૂખ્યાં ના રાખો
- તાજો રાંધેલો અને સૂકો ખોરાક ખાવ, ખોરાકને ઢાંકીને રાખો

## પૂર બાદ

- સ્થાનિક સત્તાધિશો અને આકસ્મિક સેવાઓ સાથે જોડાયેલાં કાર્યકરોની સલાહ ધ્યાનથી સાંભળી, તેનું પાલન કરો
- મેલેરિયાથી બચવા માટે મચ્છરદાનીનો ઉપયોગ કરો
- બાળકોને પૂરના પાણીમાં કે પૂરના પાણીની નજીક જવા દેશો નહીં
- તૂટેલાં વીજ થાંભલાઓ, ક્ષતિગ્રસ્ત પુલ-નાળાં, તૂટેલાં કાચ, ધારદાર ચીજવસ્તુઓ અને ભંગારથી સાવચેત રહો
- ક્ષતિગ્રસ્ત વીજ ઉપકરણોનો ઉપયોગ ટાળો, ઈલેક્ટ્રિશીયન પાસે ચેક કરાવ્યા બાદ જ આવા ઉપકરણોનો ઉપયોગ કરો
- પૂરના પાણીથી પલળેલો ખોરાક આરોગો નહીં
- આકસ્મિક સમયે રાહત અને બચાવ માટે અહીં દર્શાવેલા આપાતકાલિન કંટ્રોલ રૂમના ટેલિફોન નંબર ઉપર જાણ કરો

**આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)* જિલ્લા કંટ્રોલ રૂમ - ૧૦૭૭ / રાજ્ય કંટ્રોલ રૂમ - ૧૦૭૦**

*મોબાઇલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

## જવાબદાર બનો

**તમારી અને તમારા આસપાસના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરો.**

## વહીવટી તંત્રને સહકાર આપો

**જેથી ભેગા મળી વહેલી તકે સમસ્યાઓનું સમાધાન થઈ શકે.**

અદ્યતન અને વિશ્વસનીય
માહિતી નીચેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી મળી શકશે

@infogujarat | gujaratinformation.official | gujarat.information


**છેલ્લાં ઘણા સમયથી મેઘરાજાની આતુરતાપૂર્વક રાહ જોતા હતા ત્યારે મેઘો મન મૂકીને વરસ્યો**

# અમરેલીમાં સચરાચર શ્રીકાર વર્ષા, નદીઓમાં નવા નીરની આવક



### ભારે વરસાદને કારણે વહીવટી તંત્ર એલર્ટ મોડ પર, આજે પણ વરસાદની આગાહી

અમરેલી,તા.૨૬

રાજયમાં હવામાન ખાતાએ તા.૨૨ થી ૨૬ સુધી ભારે વરસાદની આગાહી કરી હતી. અમરેલી જિલ્લામાં હવામાન ખાતાએ કરેલી આગાહી મુજબ વરસાદ વરસતો નહોતો. ઝરમર વરસાદને કારણે ખેતીપાકને ફાયદો થતો હતો પરંતુ નદી-નાળા કે ડેમમાં નહીવત નવા નીરની આવક થતી હતી જેથી જિલ્લાવાસીઓ સારા વરસાદની રાહ જોતા હતા. જો કે આજે અમરેલી જિલ્લાને મેઘરાજાએ તરબોળ કરી દીધો હતો. વહેલી સવારથી જ મેઘરાજાએ ધમાકેદાર આગમન કરતા જિલ્લામાં શ્રીકાર વરસાદ વરસ્યો હતો. જેમાં ખાસ કરીને બગસરામાં માત્ર ચાર કલાકમાં ૬ ઈંચ કરતા વધારે વરસાદ ખાબકતા સાતલડી નદીમાં ઘોડાપૂર આવ્યા હતા અને નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. અમરેલી જિલ્લામાં વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાયા હતા. બગસરા, વડીયા, રાજુલાને બાદ કરતા સમગ્ર જિલ્લામાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. સવારના ૪થી રાત્રિના ૮ વાગ્યા સુધી વરસાદના આંકડા જોઈએ તો વડીયા-કુંકાવાવમાં ૩૬ મીમી, બાબરામાં ૫ મીમી, લાઠીમાં ૪ મીમી, લીલીયામાં ૩ મીમી, અમરેલીમાં ૧૫ મીમી, બગસરામાં ૧૪૮ મીમી, ધારીમાં ૧૯ મીમી, સાવરકુંડલામાં ૬ મીમી, ખાંભામાં ૧૯ મીમી, જાફરાબાદમાં ૨૪ મીમી, રાજુલામાં ૫૭ મીમી વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને કારણે એસ.ટી.પરિવહન સહિત વાહન વ્યવહારને ભારે અસર થઈ હતી. મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. હવામાન ખાતા દ્વારા આજે પણ અમરેલી જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બગસરા પંથકમાં ભારે વરસાદને કારણે મોટાભાગની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી.

વડીયા તાલુકામાં મેઘમહેર થતા આખી રાત ધીમી ધારે વરસાદ શરૂ રહ્યો. વડીયામાં રાત્રે અને દિવસ દરમિયાન ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. વડીયાના સકરોળામાં જોરદાર વરસાદથી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું.

### અમરેલી-બગસરાનો વાહનવ્યવહાર ઠપ્પ

બગસરા પંથકમાં વહેલી સવારથી પડેલા ભારે વરસાદને કારણે બગસરા-અમરેલીનો વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. જેના કારણે અમરેલી જવા ઈચ્છતા મુસાફરોને બગસરા-કુંકાવાવ-અમરેલી રૂટ પરથી એસ.ટી.બસ દોડાવીને યોગ્ય સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા. બગસરા પંથકમાં ભારે વરસાદને કારણે ગ્રામ્ય પંથકોના ૮ જેટલા રૂટ બંધ કરવામાં આવ્યા હતા જો કે આજથી રાબેતા મુજબ રૂટ શરૂ કરવામાં આવશે તેમ બગસરા ડેપો મેનેજરે જણાવ્યું હતું.

# રાજકોટમાં ૧૦ લાખના એમડી ડ્રગ્સ સાથે ભાજપના નેતાના પુત્ર સહિત બે યુવાનો ઝડપાયા

(એ,આર.એલ), રાજકોટ,તા.૨૪

રાજયભરમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી અવાર-નવાર ઝડપાતા કરોડો રૂપિયાના ડ્રગ્સ વચ્ચે સુરતમાં ડ્રગ્સનો કાળો કારોબાર ચલાવતો ભાજપનો કાર્યકર વિકાસ આહિર ઝડપાયા બાદ આજે રાજકોટમાં ભાજપના આગેવાનના પુત્ર સહિત બે આરોપીઓ મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ સાથે ઝડપાતા ચર્ચા જાગી છે. રાજકોટ એસઓજીના જમાદાર ઘનશ્યામસિંહ ચૌહાણ વગેરેને મળેલી ચોકકસ બાતમીના આધારે પીઆઈ જે.એમ. કૈલાએ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ભક્તિધામ સોસાયટીમાં આવેલા ભક્તિધામ એપાર્ટમેન્ટનાં ફલેટ નં. ૧૯માં દરોડો પાડી ટેબલ નીચે સંતાડાયેલ ૯૮.૫૪ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ફલેટ ધારક પાર્થ દેવકુભાઈ મકવાણા (ઉ.વ. ૨૧) અને તેના મિત્ર સાહિલ ઉર્ફે નવાબ અયુબભાઈ સોઢા (ઉ.વ.૨૪) રહે. ખોડીયારનગર શેરી નં. ૧૫, એસટી વર્કશોપ પાસે, ગોંડલ રોડ)થી ઝડપી લીધા હતા.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અંદાજે ૧૬ કરોડ રૂપિયાની કિંમતની જમીન સાગઠિયાએ બિલ્ડરને આપી દીધી

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૪

રાજકોટના અગ્નિકાંડના બનાવ બાદ ટીપીઓ સાગઠિયાના કૌભાંડ એક પછી એક બહાર આવી રહ્યા છે. જેમાં અગ્નિકાંડ બાદ હવે સાગઠિયાનું જમીન કૌભાંડ પણ બહાર આવ્યું છે. જેને પગલે સાગઠિયાની દશા બેઠી હોય તેમ જણાઈ રહ્યું છે. તપાસમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સરકારી જમીન બિલ્ડરને પધરાવી દીધી હોવાનું જણાયું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અંદાજે ૧૬ કરોડ રૂપિયાની કિંમતની જમીન બિલ્ડરને આપી દીધી હોવાનું કહેવાય છે. બિલ્ડરને આ જમીન પધરાવવાના મામલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા અનેક ફરિયાદો કરવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ન હતી. ૫૫ વર્ષ પહેલા કલેકટરે જમીન યુનિવર્સિટીને ફાળવી હતી. પરંતુ ટીપીઓ સાગઠિયાએ આ જમીન બિલ્ડરને પધરાવી દીધી હતી.

**ચાર બાળ દર્દીઓ સારવાર હેઠળ**

# જામનગરમાં ચાંદીપુરા વાઈરસના કારણે બે બાળકના મોત થતા તંત્ર દોડતું થયું

(એ.આર.એલ),જામનગર,તા.૨૪

જામનગરમાં બે બાળકનું ચાંદીપુરા વાઈરસથી મોત નિપજતા સનસનાટી મચી ગઈ છે. સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલા જામનગરના ગુલાબનગર વિસ્તારના પાંચ વર્ષના બાળકનું ચાંદીપુરા વાઈરસના લીધે મોત નિપજતા હોસ્પિટલના વર્તુળોમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ ઉપરાંત અન્ય બે બાળ દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. જામનગરના ગુલાબ નગર વિસ્તારમાં રહેતા પાંચ વર્ષના એક બાળકને ગઈકાલે ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણ જણાયા હોવાથી ગંભીર હાલતમાં



સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન બુધવારે સવારે તેનું નિધન થયું છે. આ સિવાય મંગળવારે સારવાર અર્થે આવેલા લાલપુરના ૧૧ વર્ષને ૮ માસના એક બાળકનું બુધવારે સારવાર દરમિયાન મૃત્યુ નિપજતાં હોસ્પિટલ વર્તુળમાં દોડધામ થઈ છે. જામનગર અને લાલપુરમાં આરોગ્ય વિભાગની ટુકડી પણ દોડતી થઈ છે. જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસની બીમારીના કારણે મૃત્યુનો આંક ૩ નો થયો છે. અને હાલ ૪ બાળ દર્દીઓ જી.જી. હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઉપરાંત જામનગર તાલુકાના સિક્કા ગામની ૭ વર્ષની એક બાળકી તેમજ લાલપુરના પડાણાની પાંચ વર્ષની એક બાળકી જામનગરની જી.જી. હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ દર્દી તરીકે સારવાર મેળવી રહ્યા છે, જે બંને બાળ દર્દીના રિપોર્ટ આજે સવારે નેગેટિવ આવ્યા છે.